RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 109* Date: 15.02.2022 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પુલવાના હુમલામાં શહીદ થયેલા જવાનોને વડાપ્રધાને શ્રદ્ધાંજલી આપી

## તેમની ઉત્કૃષ્ટ સેવાને દેશ હંમેશા યાદ કરશે : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૧૪

જમ્મૂ કાશ્મીરમાં થયેલા પુલવામા હુમલાની આજે ત્રીજી વરસી છે. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯એ જૈશ-એ-મોહમ્મદના એક આતંકવાદીએ વિસ્ફોટક ભરેલી ગાડી લઈને બસને ટક્કર મારી દીધી હતી. આ ઘાતક હુમલામાં ૪૦ બહાદુર CRPF જવાન શહીદ થયા હતા. ભારીય સેના અને અન્ય સુરક્ષા દળોએ પુલવામા આતંકી હુમલાની ત્રીજી વરસી પર ઝઈૅહ્લના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી માં ભારતીના વીર સપૂતોને શ્રદ્ધાંજલિ આપી છે. તેમને ટ્વીટ કરી કહ્યું કે હું પુલવામા હુમલામાં શહીદ થયેલા તમામ જવાનોને શ્રદ્ધાંજલિ આપું છું. સાથે જ દેશ માટે તેમની ઉત્કૃષ્ટ સેવાને યાદ કરૂ છું, તેમની બહાદુરી અને સર્વોચ્ચ બલિદાન દરેક ભારતીયને એક મજબૂત અને સમૃદ્ધ દેશની દિશામાં કામ કરવા માટે પ્રેરિત કરે છે. પુલવામા આતંકી હુમલો ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ બપોરે ૩:૧૫ વાગ્યે થયો હતો. આ દરમિયાન ૨૫૦૦ CRPF જવાનો સાથે ૭૮ બસોનો કાફલો જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો. જૈશ-એ-મોહમ્મદ આત્મઘાતી બોમ્બરની ઓળખ આદિલ અહેમદ ડાર તરીકે થઈ છે. આતંકવાદી ડારે પુલવામાના લેથપોરામાં ૩૫-૪૦ CRPF જવાનોને લઈ જતી બસમાંથી એક વિસ્ફોટકો ભરેલી કારને ટક્કર મારી હતી. આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો બગડ્યા અને બંને દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, વિદેશ મંત્રાલયે કહ્યું કે આ હુમલો પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપતાં નિયંત્રણ રેખા(Line of Control) પર જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી કેમ્પોને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો.

ઓગસ્ટ ૨૦૨૦ માં પુલવામા આતંકી હુમલાના ૧૮ મહિના પછી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ જમ્મુની વિશેષ અદાલતમાં ૧૩,૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી. જેમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશના વડા મસૂદ અઝહર સહિત ૧૯ લોકો સામે આતંકવાદી હુમલાની યોજના માટે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે આત્મઘાતી બોમ્બર આદિલ અહમદ ડાર ૨૦૦ કિલો વિસ્ફોટકોથી ભરેલું વાહન ચલાવી રહ્યો હતો. આ બતાવે છે કે આતંકવાદીઓનું કાવતરું મોટા ધડાકાને અંજામ આપવાનું હતું. ચાર્જશીટમાં મસૂદ અઝહર, તેના ભાઈઓ અબ્દુલ રઉફ અને અમ્મર અલ્વી અને તેના ભત્રીજા મોહમ્મદ ઉમર ફારૂકના નામ સામેલ છે. આ આતંકવાદીઓએ ૨૦૧૮માં ભારતમાં ઘૂસણખોરી કરી હતી. હુમલા બાદ સેનાએ દક્ષિણ કાશ્મીરમાં એન્કાઉન્ટરમાં તમામને ઠાર માર્યા હતા.



ચાર્જશીટમાં આરોપી ૧૯ લોકોમાંથી ૧૨ કાશ્મીરના રહેવાસી હતા, જયારે ૭ પાકિસ્તાની નાગરિકો હતા. પાકિસ્તાનમાં રહેતા આતંકવાદીઓમાં મસૂદ અઝહર અલ્વી, રઉફ અસગર અલ્વી, અમ્મર અલ્વી, કારી મુફ્તી યાસિર, મોહમ્મદ ઈસ્માઈલ, મોહમ્મદ ઉમર ફારૂક, કામરાન અલીનો સમાવેશ થાય છે. ચાર્જશીટમાં શાકિર બશીર, ઈન્શા જાન, પીર તારિક અહેમદ શાહ, વાઈઝ-ઉલ ઈસ્લામ, મોહમ્મદ અબ્બાસ રાથેર, બિલાલ અહેમદ કુચે, મોહમ્મદ ઈકબાલ રાથેર, સમીર અહેમદ ડાર, આશક અહેમદ નેંગરુ, આદિલ અહેમદ ડાર, સજ્જાદ અહેમદ ભટ અને મુદાસિર.અહેમદ ખાન કાશ્મીરના આતંકવાદી તરીકે હતા. દ્વૈંછની તપાસમાં ખુલાસો થયો છે કે પાકિસ્તાનના શકરગઢ સ્થિત આતંકવાદી લોન્ચ પેડમાંથી આતંકવાદીઓને ભારતીય વિસ્તારમાં મોકલવામાં પાકિસ્તાની અહમ ભૂમિકા હતી.

## દેશમાં કોરોનાના ૩૪ હજારથી વધુ કેસ, ૩૪૬ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૧૪

દેશમાં હવે કોરોનાની ગતિમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૪ હજાર ૧૧૩ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન આ રોગચાળાને કારણે ૩૪૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ પહેલા રવિવારે કોરોનાના ૪૪ હજાર ૮૭૭ નવા કેસ સામે આવ્યા બાદ કુલ કેસની સંખ્યા વધીને ૪ કરોડ ૨૬ લાખ ૩૧ હજાર ૪૨૧ થઈ ગઈ હતી. જ્યારે રોગચાળાને કારણે વધુ ૬૮૪ લોકોના મોત થયા છે. ભારતમાં લગભગ ૪૦ દિવસ પછી, કોવિડ -૧૯ ના દૈનિક કેસોની સંખ્યા ૫૦,૦૦૦ થી ઓછી રહી. ૪ જાન્યુઆરીએ દેશમાં ચેપના ૩૭ હજાર ૩૭૯ નવા કેસ નોંધાયા હતા. ભારતમાં સતત સાતમા દિવસે, ચેપના દૈનિક કેસોની સંખ્યા એક લાખથી ઓછી હતી.

હાલમાં, દેશમાં ૫,૩૭,૦૪૫ કોરોના વાયરસના ચેપની સારવાર કરવામાં આવી રહી છે, જે ચેપના કુલ કેસના ૧.૨૬ ટકા છે. દેશમાં દર્દીઓના સાજા થવાનો રાષ્ટ્રીય દર ૯૭.૫૫ ટકા છે. નોંધપાત્ર વાત એ છે કે, ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં સંક્રમિત લોકોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી.

ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા બે કરોડને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ના રોજ, ત્રણ કરોડને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ કેસ ચાર કરોડને વટાવી ગયા હતા.

## રાહુલ ગાંધી સામે આસામમાં ભાજપ ૧૦૦૦ દેશદ્રોહનો કેસ દાખલ કરશે

,ગોવાહાટી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટી આસામમાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી વિરુદ્ધ ઓછામાં ઓછા ૧૦૦૦ રાજદ્રોહના કેસ દાખલ કરશે. ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીએ ટ્વિટ કર્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે 'ભારતનું અસ્તિત્વ ગુજરાતથી પશ્ચિમ બંગાળ સુધી છે'. આનાથી સાબિત થાય છે કે ચીન અરુણાચલ પ્રદેશ પર કબજો કરવા માંગે છે, રાહુલ તેને સ્વીકારે છે.ટોચના સૂત્રોને ટાંકીને આ માહિતી આપવામાં આવી છે.

રાહુલ ગાંધીએ ૧૦ ફેબ્રુઆરીએ કહ્યું હતું કે સ્ટ્રેન્થ ઈઝ આવર યુનિયન છે. આપણી સંસ્કૃતિનું મિલન, આપણી વિવિધતાનું મિલન, આપણી ભાષાઓનું મિલન, આપણું લોકોનું જોડાણ, આપણો રાજ્યોનું સંઘ. આ જ ટ્વીટમાં તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે આ સંઘ "ગુજરાતથી પશ્ચિમ બંગાળ સુધી" છે. ટ્વીટ બાદ આસામ, ત્રિપુરા અને મણિપુરના મુખ્યમંત્રીઓએ કહ્યું કે કોંગ્રેસના નેતાઓ પૂર્વોત્તરનો ઉલ્લેખ કરવાનું ચૂકી ગયા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કાશ્મીરથી કેરળ સુધી. ગુજરાતથી પશ્ચિમ બંગાળ. ભારત તેના તમામ રંગોમાં સુંદર છે. ભારતની ભાવનાનું અપમાન ન કરો. સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધીએ જાણીજોઈને પૂર્વોત્તરની અવગણના કરી અને આ રીતે ચીનની અરુણાચલ પ્રદેશની માંગને સ્વીકારી લીધી.

૧૦ ફેબ્રુઆરીના રોજ કોંગ્રેસના નેતા પર કટાક્ષ કરતા આસામના મુખ્યમંત્રી અને ભાજપના નેતા હિમંતા બિસ્વા સરમાએ કહ્યું હતું કે ભારત માત્ર સંઘથી આગળ છે. અમે ગૌરવપૂર્ણ રાષ્ટ્ર છીએ. તમારા ટુકડે ટુકડે દર્શન માટે ભારતને બંધક બનાવી શકાય નહીં. શું તમારી સમસ્યા રાષ્ટ્ર, રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદ સાથે છે? અને બંગાળથી આગળ આપણે નોર્થ ઈસ્ટમાં હાજર છીએ. રાહુલ પર આકરા પ્રહારો કરતા ત્રિપુરાના મુખ્યમંત્રી બિપ્લબ કુમાર દેબે કહ્યું કે પ્રદેશમાંથી કોંગ્રેસની હકાલપટ્ટીનું કારણ તેમની અજ્ઞાનતા છે.

ત્રિપુરાના મુખ્યમંત્રીએ કહ્યું કે રાહુલ ગાંધી પ્રચાર કરવા માટે આપણા સુંદર ઉત્તર પૂર્વીય રાજ્યોને ભૂલી ગયા છે. તેના પરદાદાની જેમ તેમણે આપણા પ્રદેશમાંથી બહાર કાઢ્યા? અમે પણ ભારતનો ગૌરવવંતો ભાગ છીએ. પૂર્વોત્તરમાંથી તમારી પાર્ટીના વિનાશનું કારણ તમારી અજ્ઞાનતા છે.

મણિપુરમાં, મુખ્ય પ્રધાન એન બિરેન સિંહે કહ્યું કે તેઓ કોંગ્રેસના વરિષ્ઠ નેતાની અજ્ઞાનતાથી હેરાન થઈ ગયા હતા અને પ્રશ્ન કર્યો હતો કે પાર્ટી રાજ્યના લોકોને આગામી વિધાનસભામાં તેમને મત આપવા માટે કેવી રીતે કહી રહી છે. મણિપુરના સીએમએ ટ્વિટ કર્યું હતું કે મને આશ્ચર્ય થાય છે જ્યારે @INCIndiaના એક વરિષ્ઠ નેતા તેમના નિવેદનોમાં ઉત્તર પૂર્વ ભારતના અસ્તિત્વની અવગણના કરે છે. જ્યારે આ પ્રદેશનું અસ્તિત્વ પણ સ્વીકારવામાં આવતું નથી, ત્યારે કોંગ્રેસ આગામી ચૂંટણી માટે મણિપુરની જનતા પાસેથી કેવી રીતે મત માંગી રહી છે? દેશનું વિભાજન કોણ કરી રહ્યું છે?

### ઉત્તર ભારતમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધશે

નવીદિલ્હી,તા.૧૪

ઉત્તર ભારતમાં સારા સૂર્યપ્રકાશને કારણે લોકોને રાહત મળી છે. આગામી બે-ત્રણ દિવસમાં રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. એવો પણ અંદાજ છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કેટલાક વિસ્તારોમાં તેની અસર બતાવી શકે છે. ઘણા રાજ્યોમાં હળવો વરસાદ પડી શકે છે અને ઠંડીમાં થોડો વધારો પણ થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સાંકળ પહાડી રાજ્યો તરફ જ આગળ વધશે. દેશના ઉત્તર ભાગમાં પશ્ચિમી પવનોની અસર ઓછી જોવા મળશે. આવી સ્થિતિમાં, એવું કહી શકાય કે, ઉત્તર ભારતમાં શિયાળો તેના અંતિમ પડાવ પર છે. જમ્મુ-કાશ્મીર, ગિલગિટ બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં વચ્ચે હિમવર્ષા અને હળવો વરસાદ થઈ શકે છે.

## જે ગતિથી ઉત્તરપ્રદેશમાં કામ થઈ રહ્યું છે તે ગતિથી આપણે બિહારમાં પણ કરવું જોઈએ : ગડકરી

,પટણા,તા.૧૪

કેન્દ્ર સરકાર ખાસ કરી સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી બિહારમાં રાષ્ટ્રીય રાજમાર્ગના નિર્માણ કાર્યની ધીમી ગતિથી ખુબ નારાજ રહે છે આ વાત કોઈનાથી છુપાયેલી નથી. બિહારના ગંગા નગી પર રેલ સહ સડક પુલના લોકાર્પણનો હતો પરંતુ આ કાર્યક્રમમાં ભાષણ આપતા નીતિન ગડકરીએ એકવાર ફરી આ વાત કહી દીધી કે જે ગતિથી ઉત્તરપ્રદેશમાં કામ થઈ રહ્યું છે તે ગતિથી આપણે બિહારમાં પણ કરવું જોઈએ તેમણે મુખ્યમંત્રી નીતીશકુમારને જમીન અધિગ્રહણ અને વન વિભાગની મંજુરીને લઈ પોતાના સ્તર પર વિશેષ રીતે સમીક્ષા કરવાનો આગ્રહ કર્યો

ગડકરીએ કહ્યું કે હું તમને અમેરિકાની બરાબર પહોંચવાનો દાવો કરી રહ્યો નથી પરંતુ બિહારમાં જો સડકોના નિર્માણમાં ગતિ આવશે તો વચન આપું છું કે વર્તમાનમાં જે ત્રણ લાખ કરોડની પરિયોજના ચાલી રહી છે તેને પાંચ વર્ષમાં પાંચ લાખ કરોડ સુધી પહોંચાડી શકાય છે અને ત્યારે અમેરિકાના રોડ અનુસાર થઈ જશે કેન્દ્રીય મંત્રીએ એ પણ કહ્યું કે હું જે કહું રહ્યો છું તે પુરૂ કરૂ છું. ગડકરીએ પોતાના ભાષણ દરમિયાન રાજયની દરેક પરિયોજનાની વિસ્તૃત માહિતી આપી તેમણે કહ્યું કે નીતીશકુમારથી એથેનોલના ઉત્પાદનને પણ વધારવાની અપીલ કરી.ગડકરીએ ભાષણ દરમિયાન રાજયના ઉદ્યોગ મંત્રી શહનવાજ હુસૈન અને પંથ નિર્માણ મંત્રી નીતિન નવીનનો પણ ઉલ્લેખ કર્યો.

મુખ્યમંત્રી નીતીશકુમારે કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરીના સુચન પર કહ્યું કે તેઓ તેમને અભિનંદન આપે છે મુખ્યમંત્રી નીતીશકુમારે વિશેષ રાજયના દરજજાની માંગ તો આ મંચથી કરી નથી પરંતુ વારવાર કહ્યું કે બિહારની ઉપર વિશેષ ધ્યાન આપવું જ પડશે,એથેલોન ઉત્પાદનની ચર્ચા કરતા મુખ્મંત્રીએ માંગ કરી કે કેન્દ્ર બિહારમાં તેના ઉત્પાદનને લઈ ખપતને વધુમાં વધુ ઉત્પાદન કરવા પર સહમતિ આપે નીતીશ આ પુલના ઉદ્ઘાટન પર ખુબ ખુશ હતાં કારણ કે જયારે વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ તેનો શિલાન્યાસ કર્યો હતો ત્યારે નીતીશકુમાર રેલ મંત્રી હતી અને હવે તે બિહારના મુખ્યમંત્રી તરીકે આ પ્રસંગ પર હાજર રહ્યાં હતાં.

### ધરતીની તસવીરો મોકશે

## ઇસરોએ લોન્ચ કર્યો પ્રથમ વખત રડાર ઇમેજનિંગ સેટેલાઇટ

શ્રીહરિકોટા,તા.૧૪

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ તેનું પીએસએલવી સી ૫૨ રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે, જેમાં પૃથ્વી અવલોકન ઉપગ્રહ ઈઓએસ ૦૪ સાથે બે સહ પેસેન્જર પે લોડ સાથે શ્રીહરિકોટાના સ્પેસપોર્ટ પરથી સોમવારના રોજ વહેલી સવારે લોન્ચ કરવામાં આવ્યો હતો.

સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ પ્રક્ષેપણ પેડ પરથી ઉડાન ભરી ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ પ્રક્ષેપણ પેડ પરથી સવારે ૦૫:૫૯ કલાકે ઉડાન ભરી, ૨૫ કલાકનીગણતરીના અંતે, ૨૦૨૨ માં અવકાશ એજન્સીના પ્રથમ મિશન પ્રક્ષેપણને ચિહ્નિત કરે છે.

૫૨૯ કિમીની ઉંચાઈની સૂર્ય સિંક્રનસ ધ્રુવીય ભ્રમણકક્ષામાં ઈન્જેક્ટ કર્યું ઈસરોએ પ્રક્ષેપણની સફળતા વિશે ટ્વીટ કર્યું હતું કે, ×ભારતના ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન પીએસએલવી સી ૫૨ એ પૃથ્વી અવલોકન સેટેલાઇટ ઈઓએસ ૦૪ ને ૧૪ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ સ્પેસ સેન્ટર, એસએચએઆર, શ્રીહરિકોટા ખાતેથી આઈએસટી ૦૬:૧૭ કલાકે ૫૨૯ કિમીની ઉંચાઈની સૂર્ય સિંક્રનસ ધ્રુવીય ભ્રમણકક્ષામાં ઈન્જેક્ટ કર્યું હતું.× રોકેટે બે નાના ઉપગ્રહો સહ-યાત્રીઓ તરીકે પણ વહન કર્યા ઈઓએસ ૦૪, દસ વર્ષની મિશન લાઈફ સાથે, એ રડાર ઈમેજિંગ સેટેલાઈટ છે, જે કૃષિ, વનીકરણ અને વાવેતર, જમીનની ભેજ અને જળવિજ્ઞાન અને પૂર મેપિંગ જેવીએપ્લિકેશનો માટે તમામ હવામાન પરિસ્થિતિઓ હેઠળ હાઈ ક્વોલિટી ઈમેજીસ પ્રદાન કરવા માટે રચાયેલો છે.

## રાષ્ટ્રીય સલામતી માટે જોખમ બનેલી ૫૪ ચાઇનીઝ એપ પર ભારત સરકાર લગાવશે પ્રતિબંધ

નવીદિલ્હી,તા.૧૪

દેશમાં સાયબર એટેકનો ખતરો વધતો જાય છે જેના લીધે રાષ્ટ્રીય સલામતી માટે મોદી સરકાર ચીનની વધુ ૫૪ એપ પર પ્રતિબંધ મુકશે એવું વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણાવવામાં આવ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર ૫૪ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂકવા જઈ રહ્યું છે જે "ભારતની સુરક્ષા માટે ખતરો છે". ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે જેમાં બ્યુટી કેમેરા, સ્વીટ સેલ્ફી એચડી, બ્યુટી કેમેરા – સેલ્ફી કેમેરા, ઈક્વલાઈઝર અને બાસ બૂસ્ટર, સેલ્સફોર્સ એન્ટ માટે કેમકાર્ડ, આઈસોલેન્ડ ૨: એશેસ ઓફ ટાઈમ લાઈટ, વિવા વિડીયો એડિટર, ટેન્સેન્ટ એક્સરિવર, ઓનમોજી ચેઝ, ઓનમોજી એરેનાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ એપ એપલોક અને ડ્યુઅલ સ્પેસ લાઈટપર પણ પ્રતિબંધ લાગશે. ઉલ્લેખનીય છે કે જૂન ૨૦૨૦ થી સરકારે લગભગ ૨૨૪ ચાઈનીઝ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો છે, જેમાં TikTok, Shareit, WeChat, Helo, Likee, UC News, Bigo Live, UC Browser, ES File Explorer અને Mi Community જેવી લોકપ્રિય એપ્લિકેશનનો સમાવેશ થાય છે.

## ચન્ની સાહેબ બંન્ને બેઠકો પરથી પરાજીત રહેશો : કેજરીવાલનો દાવો

અમૃતસર,તા.૧૪

પંજાબ વિધાનસભા ચુંટણીમાં આરોપ પ્રત્યારોપનો દૌર ચાલુ છે.અમૃતસરમાં આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ પાર્ટી અને અરણજીત સિંહ ચન્ની પર ભારે પ્રહારો કર્યા છે.કેજરીવાલે કહ્યું કે ચન્ની સાહેબ બે બેઠકોથી ચુંટણી લડી રહ્યાં છે.અમે બંન્ને બેઠકો પર ત્રણ વાર સર્વે કરાવ્યો અને તે બંન્ને બેઠકો પર હારી રહ્યાં છે ચમકૌર સાહિબમાં આપ ૫૨ ટકા અને ચન્ની સાહેબ ૩૫ ટકા છે.ભદૌરમાં આપના ૪૮ ટતા અને ચન્ના સાહેબ ૩૦ ટકા પર છે.જયારે તેઓ ધારાસભ્ય જ બની શકશે નહીં તો મુખ્યમંત્રી કેવી રીતે બનશે.ગેરકાયદેસર ખનન મામલામાં મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીને કલીન ચિટ આપવા પર કેજરીવાલે કહ્યું કે એ પણ ચન્નીજીનો ચમત્કાર છે ખુદ જ તપાસ કરાવી લીધી તેમની પાસે જ તપાસ કરાવી જે કદાય તે રેતી ચોરીમાં સામેલ રહ્યાં હોય પોતાની તપાસ કોઈ કેવી રીતે કરાવી શકે તે પણ ચાર દિવસમાં તેમના ભત્રીજાએ કબુલ કર્યું કે તમામ પૈસા ચન્ની સાહેબના છે ત્યારબાદ પણ ઈડી ચન્ની સાહેબની ધરપકડ કેમ કરી રહી નથી.કેજરીવાલે કહ્યું કે અકાલી દળ દ્વારા ખોટા ન્યુઝ ફેલાવવામાં આવી રહ્યાં છે કે જો આપ સત્તામાં આવી તો ૧૦ વર્ષથી જુની ગાડીઓ બંધ કરવામાં આવશે એવું કાંઈ નથી આ ખોટું નિવેદન છે જયારે ભાજપના પ્રદર્શન પર કેજરીવાલે કહ્યું કે મને નથી લાગતુ કે તેની પાંચ બેઠકો પણ આવશે.ભગવંત માને કહ્યું કે પંજાબમાં ચુંટણી છે તમામ પાર્ટીઓ પ્રચાર કરી રહી છે પરંતુ કોંગ્રેસ સર્કસ બની ગઈ છે.પરસ્પર લડાઈઓ થઈ રહી છે રાજા અમરિંદરે કહ્યું કે મનપ્રીત સિંહ તેમને હરાવી રહી છે ચન્નીનો ભાઈ કોંગ્રેસને હરાવી રહ્યો છે.પટિયાલામાં રાની સાહિબા કોઈ અન્ય માટે પ્રચાર કરી રહ્યું છે.બીજી તરફ આમ આદમી પાર્ટી છે.બધુ એક છે અમે કોઈને લઈ નેગેટિવ બોલીશું નહીં સ્કુલ ઈડસ્ટ્રી માફિયા રાજ ખતમ કરવાની વાત કરી રહ્યાં છે લોકો અમારી સાથે છે અમારી સાથે પ્રજા છે.

## તંત્રી સ્થાનેથી...

# નેપાળના સરહદ વિસ્તારમાં ચીનનો હસ્તક્ષેપ



***નેપાળ સરકારે પહેલી વાર સત્તાવાર રીતે દાવો કર્યો છે કે ચીન તેના વિસ્તારમાં હસ્તક્ષેપ કરી રહ્યું છે. બંને દેશો વચ્ચે સરહદો જોડાયેલી છે. નેપાળ ખાતે ચીનની એમ્બેસી દ્વારા દબાણના આરોપોને નકારી કાઢવામાં આવ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષથી નેપાળ લાંબા સમયના ભાગીદાર ભારતની સામે સંતુલન સાધવા માટે ચીન સાથે સંબંધ વધારી રહ્યું છે અને તેમાં કોઈ ખલેલ નથી ઇચ્છતું. હિમાલયની પર્વતશ્રેણીમાં નેપાળ અને ચીનની વચ્ચે લગભગ ૧૪૦૦ કિલોમીટર લાંબી સરહદ આવેલી છે. ૧૯૬૦ના દાયકામાં બંને દેશ વચ્ચે અનેક સંધિઓ કરવામાં આવી હતી અને તેના આધારે સરહદનું નિર્ધારણ કરવામાં આવ્યું હતું.***

***નેપાળના છેવાડાના વિસ્તાર ખૂબ જ દૂર છે અને ત્યાં સુધી પહોંચવું ખૂબ જ કપરું છે. આ સરહદના નિર્ધારણ માટે એક-એક કિલોમીટરના અંતરે પીલર ઊભા કરવામાં આવ્યા છે. આને કારણે ઘણી વખત સરહદ ક્યાં આવેલી છે તેનું નિર્ધારણ કરવું મુશ્કેલ બની રહેતું હોય છે. ગત વર્ષે એવા અહેવાલ વહેતા થયા હતા કે ચીન દ્વારા હુમલામાં પેશકદમી કરવામાં આવી છે અને નેપાળના હદવિસ્તારમાં ઇમારતોનું બાંધકામ કર્યું છે, એ પછી નેપાળ સરકારે ટાસ્કફોર્સનં ગઠન કર્યું હતું, જેમાં પોલીસ તથા નેપાળ સરકારના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે ચીનનાં સુરક્ષાબળો દ્વારા નેપાળની હદમાં આવતા લાલુગર્જોંગમાં ચાલી રહેલી ધાર્મિક પ્રવૃત્તિઓમાં અડચણ ઊભી કરી હતી.***

***આ વિસ્તાર કૈલાશ પર્વતથી નજીક આવેલો છે, જ્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. આ સાથે નેપાળના ખેડૂતો ઢોરઢાંખર ચરાવવા જાય, ત્યારે તેમને ચીનનાં સુરક્ષાબળો દ્વારા અટકાવવામાં આવ્યુ છે. આ વિસ્તારમાં જ ચીન દ્વારા સરહદને ચિહ્નિત કરતા પીલરની ફરતે ફેન્સ બાંધવામાં આવી રહી હોવાનું તથા નેપાળની બાજુએ કેનાલ તથા માર્ગનું નિર્માણકાર્ય થઈ રહ્યું હતું. જે ઇમારત નેપાળની બાજુએ બાંધવામાં આવી છે, તેના અહેવાલ વહેતા થયા હતા, તે વાસ્તવમાં સરહદની બીજી બાજુએ ચીન તરફ બાંધવામાં આવી હતી. તપાસકર્તાઓને જાણવા મળ્યું હતું કે કેટલાક સ્થાનિક નેપાળીઓ આ મુદ્દે વાત કરતા ખચકાય છે, કારણ કે તેઓ ચીનના બજાર પર નિર્ભર છે.***

***આ વિસ્તારની સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે અહીં નેપાળી સુરક્ષાબળોને તહેનાત કરવામાં આવે. અગાઉ ચીન અને નેપાળની વચ્ચેના સરહદી વિવાદોને ઉકેલવા માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી, જે હાલમાં ખોરંભે પડી ગઈ છે, તેને ફરીથી સક્રિય કરવાની ભલામણ કરવામાં આવી છે. નેપાળની સીમાઓની સુરક્ષા માટે સરહદી વિસ્તારમાં નાગરિકોને સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે સરહદ ક્યાં સુધીની છે. ચીન દ્વારા દબાણ કરવાની વાતને નકારવામાં આવી છે, આથી નેપાળ સાથેની સરહદ પર આધિપત્ય સ્થાપવા માટેનો હેતુ શું હોઈ શકે છે, તે સ્પષ્ટ નથી, છતાં સુરક્ષા પણ એક કારણ હોઈ શકે છે.***

***ઐતિહાસિક રીતે જોવામાં આવે તો બંને દેશો વચ્ચે બિનઅધિકૃત રીતે શ્રદ્ધાળુઓ અને વેપારીઓની અવરજવર થતી રહી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચીન દ્વારા તેની ઉપર નિયંત્રણ લાદવામાં આવ્યાં છે. ચીન અને ભારતની વચ્ચે સરહદ મુદ્દે મતભેદ પ્રવર્તે છે, તેના અંગે ચીન ચિંતિત હોય તે શક્ય છે. એવું લાગે છે કે ચીનને બહારના લોકો દ્વારા ઘૂસણખોરીની ચિંતા સતાવી રહી છે, આથી તે સરહદપારના સંબંધોનો વિચ્છેદ કરી રહ્યું છે.***

# બિન-ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની ટૂંક સમયમાં બેઠક મળશેઃ તમિલનાડુના મુખ્યમંત્રી

ચેન્નાઇ,તા.૧૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને રાજયપાલ જગદીપ ધનખર વચ્ચેનો વિવાદ હવે અન્ય રાજયોમાં પણ ગંભીર ચર્ચાનો વિષય બન્યો છે. આ સમગ્ર વિવાદમાં તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને પણ એન્ટ્રી લીધી છે. ખરેખર, મમતા બેનર્જીએ સ્ટાલિન સાથે ફોન પર વાત કરી હતી. આ પછી તમિલનાડુના સીએમએ ટ્વિટ કર્યું કે મમતા બેનર્જીએ તેમને બિન-ભાજપ શાસિત રાજયોમાં રાજયપાલની ભૂમિકા અંગે ફરિયાદ કરી છે. સ્ટાલિને કહ્યું કે ટૂંક સમયમાં દિલ્હીની બહાર વિપક્ષી પાર્ટીના મુખ્યમંત્રીઓની બેઠક પણ બોલાવવામાં આવશે.

આ વિવાદ શનિવારે શરૂ થયો જયારે સ્ટાલિને કહ્યું કે બંગાળના રાજયપાલ જગદીપ ધનખરનું રાજય વિધાનસભાને સ્થગિત કરવાનું કાર્ય વાજબી નથી. સ્ટાલિને ટ્વીટમાં વધુમાં કહ્યું કે, “આટલા ઉચ્ચ પદ પર રહેલા વ્યક્તિ પાસેથી આની અપેક્ષા રાખી શકાય નહીં અને તે સ્થાપિત નિયમો અને સંમેલનોની વિરુદ્ધ છે.” તેમણે કહ્યું કે, રાજયના ‘પ્રતિકાત્મક’ વડા બંધારણને જાળવી રાખવા માટે રોલ મોડેલ હોવા જોઈએ. લોકશાહીનું સૌંદર્ય એકબીજાના પરસ્પર આદરમાં છે.

જો કે, સ્ટાલિનના આ નિવેદન પર રાજયપાલ ધનખડ ગુસ્સે થઈ ગયા. “તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનનું આદરપૂર્વક ધ્યાન દોરવું અસામાન્ય રીતે યોગ્ય છે કે તેમની અત્યંત કડવી અને નુકસાનકારક ટિપ્પણીઓ ઓછામાં ઓછી તથ્યો પર આધારિત નથી. મમતા બેનર્જીની વિનંતી પર વિધાનસભાને સ્થગિત કરવામાં આવી હતી,” તેમણે કહ્યું. ધનખરે પણ પોસ્ટ કર્યું. આ સંદર્ભે સત્તાવાર પત્ર.

આ વિવાદ બાદ બંગાળના સીએમ મમતા બેનર્જીએ સ્ટાલિન સાથે વાત કરી હતી. એવું માનવામાં આવે છે કે મમતાએ સ્ટાલિન સાથે ધનખર વિશે વાત કરી હતી. આ પછી તમિલનાડુના સીએમએ ટ્વીટ કરીને વિપક્ષી રાજયોના સીએમ વચ્ચે બેઠકની જાહેરાત કરી હતી.

# ભાજપને જે કરવું હોય તે ઉખાડી નાખો, થોડા દિવસોમાં સાડા ત્રણ નેતાઓ જેલમાં હશે : શિવસેના સાંસદ સંજય રાઉત

,મુંબઇ,તા.૧૪

ભાજપના નેતાઓના વારથી નારાજ શિવસેનાના સાંસદ સંજય રાઉતે વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે સોમવારે દાવો કર્યો હતો કે થોડા દિવસોમાં ભાજપના સાડા ત્રણ નેતાઓ જેલમાં હશે. જો કે આ ત્રણ અને અડધો નેતાઓ કોણ છે, તે ૧૫ ફેબ્રુઆરીએ યોજાનારી પ્રેસ કોન્ફરન્સમાં જાણી શકાશે. આપને જણાવી દઈએ કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા જમીન કૌભાંડમાં રાઉતના નજીકના વેપારી પ્રવીણ રાઉતની ધરપકડ બાદ બીજેપી નેતા કિરીટ સૌમૈયાએ તેમના પર ૧૦૦ કરોડના જમ્બો કોવિડ કેર સેન્ટર કૌભાંડનો આરોપ લગાવ્યો છે.



શિવસેનાના સાંસદે કહ્યું કે તેમણે ઘણું સહન કર્યું છે. હવે માત્ર તેઓ (રાઉટ) જ તેમને બરબાદ કરશે. સંજય રાઉતે જણાવ્યું કે આ સંદર્ભે આવતીકાલે એટલે કે ૧૫ ફેબ્રુઆરીએ શિવસેના ભવનમાં સાંજે ૪ વાગે પ્રેસ કોન્ફરન્સ બોલાવવામાં આવી છે. આ દરમિયાન શિવસેનાના ઘણા મોટા નેતાઓ, સાંસદો અને ધારાસભ્યો હાજર રહેશે. રાઉતે કહ્યું- હમમાં બધા નગ્ન છે. તેમની ઊંઘ ઊડી ગઈ છે, જે કંઈ કરવું હોય તેને જડમૂળથી ઉખેડી નાખો, તેઓ ડરતા નથી.

ઉદ્ધવ ઠાકરેની સરકારમાં કંઈ સારું નથી ચાલી રહ્યું. શિવસેનાના સાંસદ સંજય રાઉતના સ્ટાર્સ ઠાકરેની ખૂબ નજીક છે. સંજય રાઉતના નજીકના સાથી અને બિઝનેસમેન પ્રવીણ રાઉતની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨ ફેબ્રુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. ૧,૦૩૪ કરોડના જમીન કૌભાંડ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી છે. આ પછી બીજેપી નેતા કિરીટ સૌમૈયાએ તેમના પર ૧૦૦ કરોડના જમ્બો કોવિડ કેર સેન્ટર કૌભાંડનો આરોપ લગાવીને સનસનાટી મચાવી દીધી છે.

કિરીટ સોમૈયાએ આરોપ લગાવ્યો છે કે સંજય રાઉતના નજીકના સાથી સુજીત પાટકરે બનાવટી દસ્તાવેજોના આધારે જમ્બો કોવિડ કેર સેન્ટરનું કામ સુરક્ષિત કર્યું હતું. સોમૈયાએ પાર્ટનરશિપ ફર્મ લાઇફ લાઇન હોસ્પિટલ મેનેજમેન્ટ સર્વિસને નકલી ગણાવી છે. બીજેપી નેતાએ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને ફરિયાદ કરી છે. આ પહેલા કિરીટ સોમૈયાએ સંજય રાઉત પર વાઈન કંપનીમાં ભાગીદારીનો આરોપ લગાવ્યો હતો. સોમૈયાએ કહ્યું હતું કે મહારાષ્ટ્રના મોટા ઉદ્યોગપતિ અશોક ગર્ગની મેગ્પી ગ્લોબલ લિમિટેડ નામની વાઈન કંપનીમાં રાઉતની ભાગીદારી છે. રાઉતની બંને પુત્રીઓ અને પત્ની કંપનીમાં ડિરેક્ટર છે. આ કારણોસર, રાઉત મોલ્સ અને કરિયાણાની દુકાનોમાં વાઇન વેચવાના નિર્ણયનું સમર્થન કરી રહ્યા છે.

ગોવા અને ઉત્તર પ્રદેશની ચૂંટણીની મોસમમાં શિવસેનાની નજર લોકસભા ચૂંટણી પર છે. પાર્ટીએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાર્ટીની નવી પેઢીના હાથમાં હશે. પાર્ટીના રાજયસભા સાંસદ સંજય રાઉતે રવિવારે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે શિવસેના મહારાષ્ટ્રના મંત્રી અને સીએમ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેના નેતૃત્વમાં દેશભરમાં લોકસભાની ચૂંટણી લડશે.

# એફઆઈઆરમાં નામ ન હોય તે અન્ય આરોપી સામેની કાર્યવાહી રદ કરવાનું ન કહી શકે

નવીદિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટ સમયાંતરે મહત્વના કાનૂની મુદ્દા પર ટિપ્પણી કરતી રહે છે. કોર્ટના જણાવ્યા અનુસાર એફઆઈઆરમાં આરોપી તરીકે ઉલ્લેખ ન કરાયો હોય એવી વ્યક્તિ ફોજદારી કેસમાં અન્ય આરોપી સામેની કાર્યવાહી રદ કરવાની માગણી કરી ન શકે. લખનઉના હઝરતગંજ પોલિસ સ્ટેશનમાં નોંધાયેલા યુપીપીસીએલ પ્રોવિડન્ટ ફંડ રોકાણ કૌભાંડની ક્વૈંઇ રદ કરવાની અરજીની સુનાવણી કરતી વખતે જસ્ટિસ એ એમ ખાનવિલકર અને જસ્ટિસ સી ટી રવિકુમારની બેન્ચે આ ટિપ્પણી કરી હતી.

અગાઉ આ કેસની તપાસ ઉત્તર પ્રદેશ પોલીસ કરતી હતી, પણ પછી કેસ સીબીઆઇને ટ્રાન્સફર કરાયો હતો. બેન્ચે જણાવ્યું હતું કે, ‘ગુનામાં અરજી કરનાર વ્યક્તિઓ આરોપી તરીકે સામેલ નથી એ બાબતે કોઈ વિવાદ નથી. અરજદારોનું નામ ક્વૈંઇમાં આરોપી તરીકે ન હોય તો સીબીઆઈની તપાસ હેઠળના આ કેસ અથવા તેની ક્વૈંઇને રદ કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી. કારણ કે અરજદારો આવી રાહત માંગવાની સ્થિતિમાં જ નથી. બીજા શબ્દોમાં સૂચિત ગુના કે કેસમાં આરોપી તરીકે અરજદારોના નામનો ઉલ્લેખ નથી. કારણ કે અરજદારો અન્ય આરોપી સામેની કાર્યવાહીને રદ કરવાની માંગણી કરી શકે નહીં.‘

બેન્ચે જણાવ્યું હતું કે, ‘કોર્ટ તાજેતરના આદેશમાં હુકમચંદ ગર્ગ અને અન્ય લોકો દ્વારા માંગવામાં આવેલી રાહતને ચકાસવાનો ઈરાદો ધરાવતી નથી. સીબીઆઇ કેસમાં તેમના (અરજદારોના) નામનો ઉલ્લેખ કરશે ત્યારે કોર્ટ યોગ્ય ઉકેલ અંગે વિચારણા કરશે.‘ જોકે, બેંક્રે જણાવ્યું હતું કે, સીબીઆઇના તપાસ અધિકારીએ અરજદારો સામે કાર્યવાહીના ૪૮ કલાક પહેલાં આગોતરી નોટિસ આપવી પડશે. જેથી તેમને યોગ્ય પગલાં લેવાનો સમય મળી શકે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, વર્તમાન કેસની વિશિષ્ટ હકીકતોને ધ્યાનમાં રાખીને અને અરજદારોએ ફાઇલ કરેલી પિટિશનને ધ્યાનમાં રાખીને અપાયો છે. બેન્ચે નોંધ્યું હતું કે, અગાઉ કોર્ટને જાણવા મળ્યું હતુ કે અરજદારો સામે લુકઆઉટ નોટિસ ઇશ્યૂ કરાઈ હતી.

# ગાઝિયાબાદમાં ૭૫ ટકા દુષ્કર્મ પીડિતાઓ આજે પણ રાની લક્ષ્મીબાઇ યોજનાના લાભથી વંચિત



ગાઝિયાબાદ,તા.૧૪

રાની લક્ષ્મીબાઇ મહિલા અને બાલ સમ્માન કોષ યોજના હેઠળ અત્યાર સુધી ૭૫ ટકા દુષ્કર્મ પીડિતાઓને આર્થિક મદદ મળી નથી આર્થિક મદદ લેવા માટે પીડિતાઓના સંબંધિત વિભાગોના ચક્કર ખાઇ રહ્યાં છે પરંતુ વિભાગોની બેદરકારીના કારણે તેમને લાભ મળી રહ્યો નથી

ગાઝિયાબાદ જનપદમાં ગત છ વર્ષમાં ૬૫ દુષ્કર્મ પીડિતાઓએ યોજનાનો લાભ માટે અરજી કરી છે જેમાંથી માત્ર લગભગ ૨૩ ટકા એટલે કે ૧૫ મહિલાઓને જ આર્થિક મદદ મળી છે બાકી મામલા પોલીસ અને આરોગ્ય વિભાગમાં લંબિત છે.આ મામલાને રદ કરવા માટે મહિલા અને બાલ કલ્યાણ વિભાગ અનેકવાર નોટીસ પણ જારી કરી ચુકયું છે આમ છતાં તેના ૫૦ મામલા અત્યાર સુધી લંબિત પડેલા છે.

પ્રદેશ સરકારે હિંસા પીડિત મહિલાઓ અને બાલિકાઓને આર્થિક મદદ આપવા માટે રાની લક્ષ્મીબાઇ મહિલા અને બાલ સમ્માન કોષ યોજના લગભગ છ વર્ષ પહેલા શરૂ કરવામાં આવી હતી તે હેઠળ લાભ લેવા માટે ગાઝિયાબાદ જનપદમાં અત્યાર સુધી કુલ ૫૧૮ હિંસા પીડિતાઓએ અરજી કરી છે તેમાંથી અત્યાર સુધી ફકત ૧૧૬ને જ યોજનાનો લાભ મળી શકયો છે.બાકી ૪૦૨ મામલા આરોગ્ય વિભાગ પોલીસ વિભાગ અને જીલ્લા સ્તરીય સમિતિની પાસે લંબિત છે યોજના હેઠળ મહિલાઓની સારવાર અને પુનર્વાસ માટે ત્રણથી ૧૦ લાખ રૂપિયાની મદદ આપવામાં આવે છે પરંતુ અધિકારીઓની બેદરકારીને કારણે અત્યા સુધી પ્રક્રિયા પુરી થઇ શકી નથી.રાની લક્ષ્મીબાઇ મહિલા અને બાલ સમ્માન કોષ યોજના હેઠળ એસિડ હુમલા ઘરેલુ હિંસા દહેજ હત્યા સહિત હિંસાઓમાં પણ આર્થિક મદદ આપવાની જોગવાઇ છે પરંતુ સમયથી મદદ નહીં મળવાથી મહિલાઓ પરેશાન છે જીલ્લા મહિલા કલ્યાણ અધિકારી વિકાસ ચંદ્રાનું કહેવુ છે કે તમામ પ્રકરણોની પ્રક્રિયા પુરી કરતા પીડિતાઓની મેડિકલ રિપોર્ટ પોર્ટલ પર ચઢાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.ત્યારબાદ તમામ મામલા જીલ્લા સંચાલન સમિતિની સામે રજુ કરવામાં આવશેયોજના હેઠળ દહેજ હત્યાના ૪૪ મામલા નોંધવામાં આવ્યા જેમાંથી ૨૪ના બેંક ખાતામાં આર્થિક મદદ પહોંચી.પોકસો એકટના મામલા આવ્યા છે જેમાંથી માત્ર ૬૪ને જ આર્થિક સહાયતા મળી શકી છે.જયારે એસિડ હુમલાના ૨૨ પીડિતાઓને યોજનામાં અરજી કરી જેમાંથી સાતને જ યોજનાનો લાભ મળ્યો છે.

# લદાખના પેગોંગમાં ગ્લેશિયર પીગળવાથી સંકટ વધવાનો ભય

નવીદિલ્હી તા.૧૪

લદાખના પેગોંગ વિસ્તારમાં ગ્લેશિયર્સ ઝડપથી પીગળી રહ્યો છે. ૧૯૯૦થી અત્યાર સુધીમાં ગ્લેશિયર કવરનો ૬.૭ ટકા ભાગ ઓગળી ગયો છે. કાશ્મીર યુનિ.ના નવા સંશોધનમાં આ વાત સામે આવી છે. ગ્લેશિયર્સનું આટલુ બધુ સંકોચવુ એ સારી નિશાની નથી. સ્થાનિક લોકો પણ આનાથી ચિંતીત છે. કાશ્મીર યુનિ.ના જયોઈનફોર્મેટિકસવિભાગે આ અભ્યાસ કર્યો છે.

ગ્લેશિયર પીગળવાના કારણે પેંગોંગ સહિત અનેક સરોવરનું જળસ્તર સતત વધી રહ્યું છે. જેના કારણે તળાવો વિસ્તરી રહ્યા છે. અને તેના ફાટવાનું જોખમ વધી રહ્યું છે. એક અભ્યાસ મુજબ ગ્લેશિયર દર વર્ષે ૦.૨૩ ટકા ઘટી રહ્યું છે. પ્રોફેસરે કહ્યું કે મહત્વની વાત એ છે કે પેંગોંગ લેક આ ગ્લેશિયર્સથી ભરેલુ છે. જો તેઓ અદ્રશ્ય થઈ જશે તે તે તળાવના પાણીને સમાધી કરશે અને તે પણ અદ્રશ્ય થઈ જશષ. ૨ા ગ્લેશિયર્સનું પીગળવાનું ચાલુ વર્ષના અંત સુધી ચાલુ રહેશે.

# રાજસ્થાનના ભરતપુરના મેયર પર કોર્પોરેટરે લાંચ લેવાનો આરોપ લગાવ્યો

ઉદયપુર,તા.૧૪

રાજસ્થાનના ભરતપુરના મેયરનો એક વીડિયો સોશલ મીડિયા પર તેજીથી વાયરલ થઇ રહ્યો છે.આ વીડિયોમાં મેયર અભિજીતકુમાર પોતાના ઉપર લાગેલા આરોપોની સ્પષ્ટતામાં ગંગાજળના સોગંદ ખાતા નજરે પડી રહ્યાં છે.હક્કીતમાં ભરતપુર નગર નિગમની વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટને લઇ બેઠક થઇ હતી.આ દરમિયાન બજેટને પસાર કરવા દરમિયાન કોર્પોરેટર અને નગર નિગમના મેયર અભિજીતકુમારની વચ્ચે ભારે બોલાચાલી થઇ હતી.આ બોલાચાલી વચ્ચે એક કોર્પોરેટરે મેયર અભિજીતકુમાર પર આરોપ લગાવ્યો તેના પર મેયર ખુબ નારાજ થઇ ગયા તેમણે કહ્યું કે તમે કહો છો કે મેયર બનવા માટે મેં નોટ આપી વોટ ખરીદ્યા હતાં મેયરે ગૃહની વચ્ચે જ કહ્યું હું ગંગાજળ હાથમાં લઇ સોગંદ લઉ છું કે મેં આવી વાત કયારેય કોઇને કહી નથી આ દરમિયાન તેમના હાથમાં પાણીની એક બોટલ પણ હતી. એટલું જ નહીં ભરતપુર શહેરથી ધારાસભ્ય ડો સુભાષ ગર્ગ જે કોંગ્રેસ સરકારમાં રાજયમંત્રી છે તેમના પર પણ કોર્પોરેટરે આરોપો લગાવ્યા કોર્પોરેટરે કહ્યું કે નગર નિગમ પર મંત્રીનું રાજ ચાલે છે જે મંત્રી કહે છે તેમ થાય છે.

શહેરના વિકાસ માટે જે બજેટ પસાર કરવામાં આવ્યું તેના પર ચર્ચા ઉપરાંત વ્યક્તિગત આરોપ પ્રત્યારોપ પણ કોર્પોરેટરો અને મેયરની વચ્ચે થયા જેને કારણે મેયરે ગૃહમાં ઉભા થઇ ગંગાજળ લઇ સોગંદ લેવા પડયા બજેટ પાસ કરાવવા માટે ગૃહની બેઠક મોડી સાંજ સુધી ચાલી હતી. જો કે ભરતપુર નગર નિગમના મેયર અભિજીતકુમારે કહ્યું કે આજે અમે શહેરના વિકાસ માટે નગર નિગમનું વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ પાસ કરાવ્યું છે.શહેરના વિકાસના જે પરિકલ્પના અમે કરી છે તેને જમીન પર લાવવામાં આવશે અને શહેરનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે

## વિદ્યાર્થિનીઓના વકીલની દલીલ

# જ્યારે કેન્દ્રીય વિદ્યાલયમાં હિજાબની મંજુરી છે, તો રાજ્યની સ્કૂલોમાં કેમ નહીં ?

ઉડ્ડપી,તા.૧૪

કર્ણાટકમાં હિજાબ બાબતે હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી રહી છે. હિજાબ પરના પ્રતિબંધ સામે અપીલ કરનાર વિદ્યાર્થિનીઓના વકીલ દેવદત્ત કામતે કહ્યું કે સરકારનો હિજાબ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય બેજવાબદાર છે. તેમણે કહ્યું કે સરકારનો આદેશ બંધારણના અનુચ્છેદ ૨૫ની વિરુદ્ધ છે અને આ કાયદો માન્ય નથી. કલમ ૨૫માં ધાર્મિક માન્યતાઓનું પાલન કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.

કામતે સીજેઆઇની બેન્ચ સમક્ષ ચાલી રહેલી સુનાવણી દરમિયાન સવાલ ઉઠાવ્યા હતા કે જ્યારે કેન્દ્રીય વિદ્યાલયમાં હિજાબ પહેરવાની મંજુરી છે, તો રાજ્ય સરકારની સ્કૂલોમાં કેમ નહીં? કામતે કોર્ટને કહ્યુ હતુ કે સરકારી આદેશમાં કહેવામાં આવ્યુ છે કે હિજાબ પહેરવાનો મુદ્દો આર્ટિકલ ૨૫માં સમાવાયેલો નથી. તેને યુનિફોર્મમાં સામેલ કરવાનો કે ન કરવાનો નિર્ણય કોલેજ ડેવલપમેન્ટ કમિટી પર છોડી દેવો જાઈએ. કામતે કહ્યું કે હિજાબ અંગે નિર્ણય લેવાની સત્તા કોલેજ સમિતિઓને સોંપવી તે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. અહીં આ મામલાના મીડિયા કવરેજને લઈને કોર્ટે કહ્યું- અમે મીડિયાને વિનંતી કરીએ છીએ કે આ મુદ્દે સમજદારી દાખવે.

કર્ણાટકમાં હિજાબને લઈને વિવાદ હજી પણ ચાલુ જ છે. રાજ્યમાં ધો.૧૦ સુધીની સ્કૂલોને આજે જ ખોલવામાં આવી છે. પહેલા દિવસે જ હિજાબ પહેરીને સ્કુલે પહોંચેલી વિદ્યાર્થીનીઓને સ્ટાફે પ્રવેશ આપવાથી ઈક્રાર કર્યો છે. તેના પગલે સ્ટાફ અને વિદ્યાર્થીનીઓના વાલીઓની વચ્ચે વિવાદ થયો છે.પ્રાપ્ત માહિતી મુજબ, માંડ્યાની રોટરી સ્કૂલની ટીચરે વિદ્યાર્થીનીને સ્કુલમાં પ્રવેશતા પહેલા જ હિજાબને ઉતારવા કહ્યું હતું. આ વાતનો કેટલાક વાલીઓએ વિરોધ કર્યો. બીજી તરફ કેટલાક લોકોનું કહેવું હતું કે વિદ્યાર્થીનીઓને હિજાબની સાથે સ્કૂલમાં એન્ટ્રી આપવામાં આવે, તે ક્લાસમાં હિજાબ કાઢી નાંખશે. જોકે તેમને સ્કૂલની અંદર જ જવા દેવાયા નહોતા. તેના પગલે વાલીઓ અને શિક્ષકો વચ્ચે બોલાચાલી થઈ હતી.

હિજાબ વિવાદને કારણે કર્ણાટકમાં ગરમાયેલા રાજકારણની વચ્ચે કર્ણાટકમાં ધો.૧૦ સુધીની સ્કૂલો આજે ખૂલી ગઈ છે. જોકે ધો.૧૨ની કોલેજ રાજ્યમાં હાલ પણ બંધ છે. મુસ્લિમ વિદ્યાર્થિનીઓ દ્વારા હિજાબ પહેરવાનો મામલો હાલ કોર્ટમાં છે. આજે સવારે ધો.૧૦ સુધીની વિદ્યાર્થિનીઓ સ્કૂલમાં ગઈ છે. આ વિવાદના કેન્દ્રમાં રહેલા ઉડ્ડપીમાં પણ આજે સ્કૂલો ખૂલી ગઈ છે. જોકે ઉડ્ડપી પ્રશાસને સ્કૂલની આસપાસ ધારા-૧૪૪ લાગુ કરી દીધી છે.પ્રશાસન સ્કૂલનાં બાળકોને પૂરતી સુરક્ષા મળે એવી કોશિશ કરી રહ્યું છે. રવિવારે શિવમોગામાં પોલીસે ફ્લેગ માર્ચ કરી હતી. આ પહેલાં ઉડ્ડપીમાં પણ ૧૧ ફેબ્રુઆરીએ પોલીસે ફ્લેગ માર્ચ કરી હતી.

સોમવારે સ્કૂલ ખૂલવાની સાથે જ પ્રશાસને સ્કૂલની આસપાસ કોઈપણ પ્રકારની ભીડ ભેગી થવા પર પ્રતિબંધ લગાવવાના ઉદ્દેશથી ધારા-૧૪૪ લાગુ કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ અધીક્ષક દ્વારા જિલ્લા કમિશનર એમ. કુર્મા રાવા પાસે હાઈસ્કૂલની આસપાસ ૨૦૦ મીટરના વિસ્તારમાં ધારા ૧૪૪ લગાવવાની માગ કરવામાં આવી હતી. એ પછી કમિશનરે આ આદેશ આપ્યો છે. હવે ૨૦૦ મીટરના અંતરમાં ૫થી વધુ લોકો જમા થઈ શકશે નહિ.

જિલ્લા પ્રશાસનના આદેશ અનુસાર, સ્કૂલના પરિઘની આસપાસ પાંચ કે એનાથી વધુ સભ્યો એકત્રિત થવાની અનુમતિ નથી. વિરોધ અને રેલીઓ સહિત તમામ પ્રકારની સભાઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. એટલું જ નહિ, નારા લગાવવા, ગીતો અને ભાષણ આપવા પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ છે. આ વિસ્તારમાં ધારા-૧૪૪ ફેબ્રુઆરી ૧૯ સુધી લાગુ રહેશે. ૧૯ ફેબ્રુઆરીએ શનિવાર છે. ૨૦ના રોજ રવિવાર હોવાને કારણે સ્કૂલ બંધ રહેશે.

આ પહેલાં પ્રશાસન પોતાના આદેશની સમીક્ષા કરી શકે છે. હિજાબ વિવાદની વચ્ચે આજે સવારે ધો.૧૦ સુધીની સ્કૂલ ખૂલ્યા પછી ઘણી વિદ્યાર્થિનીઓ સ્કૂલે પહોંચી છે. હિજાબ વિવાદની વચ્ચે નેતાઓનાં નિવેદનો પણ આવી રહ્યા છે. છૈંસ્સ્ સાંસદ ઓવૌસીએ રવિવારે કહ્યું હતું કે એક દિવસ હિજાબ પહેરનારી મહિલા આ દેશની વડાપ્રધાન બનશે. બીજી તરફ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોમવારે કહ્યું હતું કે દેશ બંધારણ મુજબ ચાલે છે, શરિયત મુજબ નહિ. તેમણે કહ્યું હતું કે શું હું યુપીના તમામ લોકોને ભગવા પહેરવા માટે કહી શકું છું.

શુક્રવારે કર્ણાટકના હિજાબ વિવાદમાં દખલગીરી કરવાથી સુપ્રીમકોર્ટે ઈનકાર કર્યો હતો. સુપ્રીમકોર્ટમાં શુક્રવારે કર્ણાટક હાઈકોર્ટના વચગાળા ચુકાદા પર અપીલ કરવામાં આવી હતી, જેમાં હાઈકોર્ટે સ્કૂલ-કોલેજમાં ધાર્મિક કપડાં પહેરવા પર પ્રતિબંધ લગાવ્યો હતો. અપીલમાં રજૂઆત કરવામાં આવી હતી કે એનાથી મુસ્લિમ વિદ્યાર્થિનીઓના અધિકાર ઓછા થયા છે. સુપ્રીમકોર્ટે એની પર તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે યોગ્ય સમય આવવા પર તે આ મામલા પર નિર્ણય લેશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO 0081

પ્રકાર : ગદ્ય

વિષય : વેલેન્ટાઈન ડે

શીર્ષક :કથા વેલેન્ટાઈન ડે ની

શબ્દો : ૩૧૬

વેલેન્ટાઈન ડે આપણે પ્રેમની અભિવ્યક્તિ માટે ઉજવીએ છીએ. હવે તો એને વ્યાપક રૂપે પ્રેમી,પતિ કે મિત્ર જ નહીં પણ સખી,માતા પિતા કે ઈશ્વરને પણ પ્રેમપાત્ર બનાવી વ્યક્ત કરવામાં આવે છે. આ દિવસ જે એક સામાજિક સંતને નામે ઊજવાય છે એ વિશે થોડું જાણીએ.આમ તો એ પશ્ચિમી સંસ્કૃતિ હોવાનું જણાવી વિરોધનો પણ જુવાળ ઊઠ્યો જ છે,પણ આ સિવાય આપણે ઘણું અનુકરણ કરીએ જ છીએ એમનું તો જોઈએ વેલેન્ટાઈન ડેની કથા અને વ્યથા..

સંત હોવા છતાં વેલેન્ટાઈને સમગ્ર માનવજાતનો વિચાર કર્યો અને સરમુખત્યાર રાજા ક્લોડિયસનો વિરોધ કર્યો. પાંચમી સદીમાં થયેલાં આ રાજાએ પત્નીત્વનો વિરોધ કરી વધુ સ્ત્રીઓ સાથે સંબંધ રાખવા કહ્યું.એ ક્રૂર રાજાનું માનવું હતું કે લગ્ન કરવાથી સૈનિકો નબળા પડી જાય તેથી લગ્નની મનાઈ ફરમાવી.

તેથી સંત વેલેન્ટાઈને ભારતીય પ્રથા અપનાવી લગ્ન કરી એક પત્ની સાથે જ રહેવા લોકોને ગામે? ગામ ફરી સમજાવ્યાં.એ જમાનામાં યુરોપ અને ભારત વચ્ચે વેપાર વાયા આફ્રિકા ચાલતો.તેથી ભારતથી સાહિત્ય મંગાવી , અભ્યાસ કરી તેમણે લોકોને એક પત્ની સાથે જીવન ગાળવાથી સામાજિક , માનસિક અને શારીરિક ફાયદાઓ વિશે સમજાવ્યાં.

લોકોને આ સમજાતાં લગ્નો વધ્યાં અને ક્લોડિયસનો ગુસ્સો પણ.સંત વેલેન્ટાઈનને એણે ૧૪ ફેબ્રુઆરી ૪૯૮ના દિને એનાં અનુયાયીઓ સામે ફાંસી આપી. મરતાં પહેલાં સંતે પોતાની આંખો જેલરની અંધ પુત્રી જેકોબસને આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.એમણે એનાં પ્રતિ પ્રેમ દર્શાવતો પત્ર લખી છેલ્લે 'તમારો વેલેન્ટાઈન' લખ્યું હતું.

તેમની યાદમાં મનાવવામાં આવતા આ પ્રેમ અભિવ્યક્તિનાં દિવસને પહેલાં તો ફૂલો ?કે હાથે દોરેલાં દિલ કે કબૂતરનાં કાર્ડથી મનાવાતો.ત્યાર બાદ ૧૯મી સદીમાં એસ્થર હાઉલેન્ડ નામની વ્યક્તિએ બ્રિટનમાં હાથે બનાવેલ વેલેન્ટાઈન કાર્ડનો મોટા પાયે વ્યવસાય શરૂ કર્યો.એ જ સમયે અમેરિકામાં પણ આ કાર્ડ મોટા પાયે વપરાવા લાગ્યાં.

કોઈ પણ અતિશયોક્તિ વિવાદ જન્માવે છે તેથી કાર્ડ પર સીમિત ન થતાં સોફ્ટ ટોઝ, ચોકલેટ, કપડાં અને મોંઘાં દાગીના સુધી વિસ્તરે ? ત્યારે ..

અમેરિકન અભ્યાસ જણાવે છે કે એક અબજથી પણ વધુ કાર્ડ દ્વારા પ્રેમ વ્યક્ત કરાય છે.આ આંકડા ક્રિસમસ નિમિત્તે અપાતાં કાર્ડની હરિફાઈમાં છે.આવા આ માનવતાવાદી સંતની યાદમાં પ્રેમનું વાવેતર કરી એની લ્હાણ કરીએ.

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

NOG SS No : 0002

શીર્ષક : પ્રેમ શું છે ?

પ્રકાર : ગદ્ય

મિત્રો,૧૪ ફેબ્રુઆરી એટલે પ્રેમી પંખીડાનો દિવસ એટલે કે વેલેન્ટાઈન ડે.
વસંતોત્સવનો પ્રેમોત્સવ એટલે
વેલેન્ટાઈન ડે.
નિર્મળ પ્રેમનો એકરાર એટલે વેલેન્ટાઈન ડે.
તો ચાલો મિત્રો આ વસંત રૂપી પ્રેમને માણવા હું મારી એક કવિતા રજુ કરું છું .
પ્રેમ એટલે શું?
પ્રેમ શું છે?
પ્રેમ એટલે ,"લાગણીનું સ્પંદન"
પ્રેમ એટલે, "મીઠાં ઝરણાંની અવિરત ધારા"
પ્રેમ એટલે,"આનંદના અવસરનું આંગણુ"
પ્રેમ એટલે, "નયનોના નજરોનું નિશાન"
પ્રેમ એટલે,"શરમભારે ઢળેલી આંખલડી"
પ્રેમ એટલે,"રણમાં ખીલેલું ગુલાબ"
પ્રેમ એટલે, "મૃગજળનાં ધસમસતાં વહેણ"
પ્રેમ એટલે,"ઝાંઝવાનાં જળમાં તરતાં બે પક્ષીઓ"
પ્રેમ એટલે,"પથ્થર વચ્ચે તરણાંનું હિજરાવું"
પ્રેમ એટલે,"મંજરીઓ પર મધુકરની ગૂંજારવ"
પ્રેમ એટલે,"ધરતીનો શણગાર"
પ્રેમ એટલે ,"હૈયામાં છલકાતો વૈભવ "
પ્રેમ એટલે, "પાંગરવાથી પીડાની અનુભૂતિ "
પ્રેમ એટલે ,"કોયલનું મધુર કુંજન"
પ્રેમ એટલે ,"અંતરનો વલોપાત"
પ્રેમ એટલે "તાપની છાંયડી ને શીતલતાની હૂંફ"
પ્રેમ એટલે "મમતાની પરખને તાતની સુંગંધ"
કહે ★નિયતી★ પ્રેમ એક એવી અનુભૂતિ છે જ્યાં સમય પણ અટકી જાય છે,પ્રેમનો વિસ્તાર અનંત છે, એને ન કોઈ સીમાડાનાં બંધન......

જીજ્ઞા કપુરિયા "નિયતી"

---

NOG SS No: 0092

પ્રકારઃ-પદ્ય

શીર્ષકઃ- પ્રેમનો જાદુ

હ્રદયના તંતુને પરસ્પર જોડે છે પ્રેમ,
જીવન બને જો રંગવિહીન, તો સપ્ત રંગ ઢોળે છે પ્રેમ.
સુના દિલના અરમાનોને ઝકઝોળે છે પ્રેમ,
આંસુને સ્મિતમાં ઝબોળે છે પ્રેમ.
તૂટેલી દિલની શાખ પર નવી આશા સજાવે છે પ્રેમ,
નવો જોશ, નવી ઉમંગથી જીવન છલકાવે છે પ્રેમ.
રાધાને કૃષ્ણની જોડીને પૂજનીય બનાવે છે પ્રેમ,
મીરાંને મહારાણીમાંથી જોગણ બનાવે છે પ્રેમ.
બરડ માનવને મુલાયમ બનાવે છે પ્રેમ,
વેર-ઝેરને નફરતને પળમાં ભુલાવે છે પ્રેમ.
જેને જોતાજ હૈયું ધબકાર ચૂકી જાય એ છે પ્રેમ,
આનંદની હેલીમાં તન-મન ભીંજી જાય એ છે પ્રેમ.
મૃત શરીરમાં પ્રાણ પુરે છે પ્રેમ,
પ્રિયપાત્રના વિયોગમાં રાત-દિન ઝુરે છે પ્રેમ.
જેને મળે સાચા રૂપમાં એના જીવનને સ્વર્ગ સમું બનાવે છે પ્રેમ,
ન મળે એને આજીવન વેદનામાં રડાવે છે પ્રેમ.
ક્યારેક કોઈના જીવનનું કારણ બને છે પ્રેમ,
તો ક્યારેક જીવનને મોતમાં પલટાવે છે પ્રેમ.
મળે તો જીવન ધન્ય બનાવી દે છે પ્રેમ,
ના મળે તો દર્દ સાથે કાયમનો સંબંધ જોડી દે છે પ્રેમ.
અઢી અક્ષરનો શબ્દ બની જગ આખાનું ભાન ભુલાવે છે પ્રેમ,
પોતાના જાદુથી જગ આખાને આંગળી પર નચાવે છે પ્રેમ.

અલકા નવીનચંદ્ર મહેતા,ગાંધીનગર

---

NOG. SS. NO. 0097

વિષય : વેલેનટાઈન ડે

પ્રકાર : ગદ્ય

શીર્ષક : લાગણીનું પ્રતીક પ્રેમ

સુખદ અને દુઃખદ પ્રસંગોએ ઉદ્દભવતી લાગણીઓ વ્યક્ત થાય એ પ્રેમ. શબ્દો અને ભેટ-સોગાદ એ તો
મહોરા માત્ર છે.જેના માધ્યમથી વ્યક્તિ પોતાની મરજી મુજબ નકલી ઓપ આપે છે.
વ્યવહાર અને વર્તન દ્વારા સાચી લાગણીઓ વ્યક્ત થાય છે. માહેર એમાં પણ પોતાની કલા બતાવે પણ એ
જવલ્લે જ.
સરસ ટેસ્ટી રસોઈ જમ્યા પછી અકારણ રસોડામાં બે આંટા મારી આવવા એ જ પ્રેમ.
ઘરના બગીચાનું સુગંધી ફુલ માથામાં નાંખીને કામ કરતી
પત્ની પાસે અચાનક જ અકારણ બીન જરુરી કોઈ ચીજની માગણી કરી નજીકથી એ સુગંધને શ્વાસમાં ભરી લેવા પ્રયત્ન કરવો એ પ્રેમ.
આ પ્રેમ માં ગજરાની જરુર ખરી?
વ્યવસ્થિત તૈયાર થઈને,લોઢી તપે ત્યાં સુધીમાં ફટાફટ ઓફિસ બેગ,મોજાં, ગાડીની ચાવી તૈયાર કરીને મૂકી દેવા. તરત ઉતરતી ફુલેલી રોટલી પીરસવી અને એ મેંહકને મન ભરીને માણતાં એકાદ રોટલી વધારે જમી લેવી એ જ પ્રેમ.
આ બધી કિંમતી ક્ષણોનો ગુલદસ્તો એ જ વેલેન્ટાઈન ડે.

વર્ષાબેન દેસાઈ,એડવોકેટ,વડોદરા-સિડની

---

NOG SS No : 106

સાહિત્ય સરિતા

વિષયઃ-વેલેન્ટાઈન ડે,રોમાંચ,યાદગાર પત્રો..

શીર્ષકઃ-"પ્રેમનું સમારકામ"

મુક્તિદા કુમાર.
'મનચલી'

-શું થયું?
અટકી ગયો!
ઈર્ષ્યા રૂપી ગતિરોધક ભરખી ગયો??
સમારકામ ચાલુ છે?
હોય નહિ!
હોય નહિ એ તો ધરખમ ઇમારત હતી!!
ઓહ!
સમયનો લૂણો લાગી ગયો.
ખમતીધરના ખોરડે
ખોવાઈ ગયો,
ખોવાઈ ગયો જે પ્રેમ
ખૂંપાઈ ગયો તે!
ક્યાં કને કોણ જાણે??
એ પ્રેમની ખુદાઈ અને,
ખોદાઈ કરતાં,
ઈતિહાસના પાને
જડાઈ ગયો?
'યાદોનીયાદ'માં ખણખણ્યો એ પ્રેમ.
ક્યાં હતો?
ખોવાઈ ગયેલો પ્રેમ??
શું થયું?
સમારકામ ચાલુ છે.
પ્રેમ નું
ગતિરોધકથી વંકાઈ ગયો?ફંટાઈ ગયો?
સમારકામ ચાલુ છે.
પ્રેમનું છે,પ્રેમથી,પ્રેમથકી.

મુક્તિદા કુમાર, 'મનચલી'

---

દ્રૂ જીજી દ્રૂ. -૦૦૩૬

વિષયઃ- વેલેન્ટાઇન

પ્રકારઃ- પદ્ય

શીર્ષક;- લખું કાગળ હું

લખું કાગળ હું
પ્રિય, તને પ્રેમથી લખું કાગળ હું,
ટેરવાનાં સ્પર્શે બનું ઝળહળ હું.
ઝરમર વરસતો સ્નેહ ઝીલીને,
હેતની હેલીએ વરસતું વાદળ હું.
હેલે ચઢેલી યાદ પ્રેમે ચીતરીને,
પાંપણે તોરણ બાંધુ પળપળ હું.
યાદોનાં તોરણ મનમાં સજાવી,
શબ્દે વહેતી રહું ખળખળ હું.
હૃદય ધડકતું રહે નામ સ્મરણે,
વ્હાલમનું સતત ઈચ્છું મંગળ હું.

અરુણા ત્રિવેદી, અમદાવાદ

## અંતરાત્મા



ઈશ્વર અને ભક્ત/સાધુમાં ભેદ હોતો નથી તેથી જ તો નિરંકારી બાબા અવતારસિંહજી મહારાજ પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે સંત..જ્ઞાની ભક્ત..તત્વજ્ઞ મહાપુરૂષ અને પ્રભુ પરમાત્મામાં સહેજપણ ભેદ હોતો નથી.જે સૌભાગ્યશાળી વ્યક્તિને આવા સંત મહાપુરૂષની સંગતિ મળી જાય છે તો તેના મન ઉપર લાગેલા કામ..ક્રોધ..લોભ..મોહ..વગેરેના કાળા દાગ દૂર થઈ જાય છે.જે સાચા સંત હોય છે તે જિજ્ઞાસુઓને ત્રણ ગુણો (સત્વગુણ, રજોગુણ અને તમોગુણ) થી પાર કરી ત્રિગુણાતીત પરમાત્માનાં દર્શન કરાવી દે છે અને હ્રદયને અલૌકિક પ્રકાશ(જ્ઞાનરૂપી રોશની) થી ભરી દે છે.સત્સંગથી મનનો મેલ દૂર થાય છે.સંત એક એવો અથાહ સાગર હોય છે જે આદિ અને અંતથી પર હોય છે.સંતોના ગુણોની ગણતરી થઈ શકતી નથી.સંત પણ બ્રહ્મની જેમ અનાદિ અને અનંત હોય છે,એટલે સંત અને હરિમાં સહેજ પણ ભેદ હોતો નથી.સંત જ્ઞાની ભક્ત તત્વજ્ઞ અને ભગવાનમાં સહેજપણ ભેદ હોતો નથી.સાચા સંત જ ત્રિગુણાતીત બનાવી બ્રહ્મનાં દર્શન કરાવી શકે છે.

ભગવાન શ્રીકૃષ્ણવ અર્જુનને કહે છે કે વેદ ત્રણેય ગુણો(સત્વ રજ તમ)ના કાર્યનું જ વર્ણન કરનારા છે એટલે તૂં ત્રણે ગુણોથી રહિત થઈ જા,રાગ..દ્વેષ વગેરે દ્વંન્દ્વોથી રહિત બની જા.નિરંતર નિત્ય પરમાત્મામાં સ્થિત થઈ જા તેમજ યોગક્ષેમની પણ ઈચ્છા ન કર, પરમાત્મા પરાયણ થઈ જા. ત્રિગુણાતિત બન્યા બાદ તત્વદર્શી સંતની કૃપાથી જ બ્રહ્મને જાણી શકાય છે.જગતના લોકોને એવો ભ્રમ ભરાઈ ગયો છે કે મનુષ્ય જે જન્મ જન્માન્તરથી પાપી છે તો તેનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે ? સંતો ઉપરોક્ત વાતો સમજાવીને અમારો ભ્રમ દૂર કરે છે અને કહે છે કેઃ જ્ઞાનનો પ્રકાશ થતાં જ મનુષ્ય ઉજ્જ્વલ બની જાય છે. આ જ વાત અર્જુનને સમજાવતાં ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું છે કેઃ કર્મોની સીમા તો જ્ઞાન છે.આ જ્ઞાન પ્રાપ્તઃ કરવાની પ્રચલિત પ્રણાલીનું વર્ણન કરતાં ભગવાન કહે છે કેઃ "તમામ કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે એ જ્ઞાનને તૂં તત્વદર્શી જ્ઞાની જનો પાસે જઈને જાણી લે. એમને યોગ્ય રીતે દંડવત પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્માતત્વને બરાબર ઓળખનારાએ જ્ઞાની મહાત્માજનો તને એ તત્વજ્ઞાનનો ઉપદેશ આપશે.જ્ઞાનના આ માધ્યમથી તું તમામ ભૂતોમાં નિઃશેષભાવથી પહેલાં પોતાનામાં અને પછી મારા નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં જોઈશ.'' આ ચારેય પ્રકારના ભક્તો (આર્ત,દુઃખી,જિજ્ઞાસુ,જ્ઞાનના અભિલાષી,અથાર્થી,સ્ત્રી,પૂત્ર, ધન,માન, મોટાઈ,પ્રતિષ્ઠા વગેરે ભોગોની ઈચ્છાવાળા અને જ્ઞાની) ઉદાર(શ્રેષ્ઠર ભાવવાળા) છે,પરંતુ તત્વજ્ઞાની (પ્રેમી ભક્ત) તો સાક્ષાત મારૂં જ સ્વરૂપ છે એવો મારો મત છે કારણ કે તે મારાથી અભિન્ન હોઈ તે મારી ભક્તિમાં હંમેશાં પરાયણ રહીને મને જ પ્રાપ્ત થાય છે. સંસારના ભોગ અને રૂપિયા પૈસા પ્રત્યક્ષ સુખદાયી દેખાય છે અને ભગવાનના ભજનમાં પ્રત્યક્ષ જલ્દી સુખ દેખાતું નથી છતાં પણ સંસારના પ્રત્યક્ષ સુખને છોડીને એટલે કે ભોગ ભોગવવા અને સંગ્રહ કરવાની લાલસાને છોડીને ભગવાનનું ભજન કરે છે આ ભક્તોની ઉદારતા છે. ભક્તોની ભગવાનમાં શ્રદ્ધા..વિશ્વાસ અને દ્રઢ આસ્થા હોય છે,તેમની વૃત્તિ કોઈ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિના લીધે ભગવાનમાંથી હટતી નથી,પરંતુ ભગવાનમાં જ જોડાયેલી રહે છે. જીવ પરમાત્માનો અંશ છે તેથી તે પરમાત્માથી જેટલો દૂર જાય છે તેટલો તેનામાં અહંકાર દ્રઢ થતો જાય છે અને જેમ જેમ પરમાત્માની તરફ આવે છે તેમ તેમ અહંકાર નિવૃત્ત થતો જાય છે. પરમાત્માની સાથે અભિન્નતા (આત્મિયતા) થવાથી જીવનો અપરા પ્રકૃતિ સાથે બિલ્કુલ સબંધ વિચ્છેદ થઈ જાય છે અને અહંકાર દૂર થાય છે કારણ કે અહંકાર અપરા પ્રકૃતિનું કાર્ય છે.

ગતિ શબ્દના ત્રણ અર્થ થાય છે જ્ઞાન,ગમન અને પ્રાપ્તિ.તમામ ભક્તો માને છે કે ઈશ્વર સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વેશ્વર,દયાળુ અને પરમ સુદ્રઢ છે એટલા માટે તે પ્રભુ પરમાત્માની પૂજા,સુમિરણ અને સેવામાં લાગી જાય છે.પહેલા ત્રણ પ્રકારના ભક્તો ઈચ્છાના કારણે ઈશ્વરને ભજે છે પરંતુ જ્ઞાની ભક્ત તો નિષ?કામ અને નિરિચ્છિત છે એટલે જ્ઞાની ભક્ત ભગવાનને અતિ પ્રિય હોય છે.જ્ઞાની ભક્ત અને ભગવાનમાં કોઈ ભેદ હોતો નથી. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે હું હંમેશાં ભક્તોને આધિન છું. મારામાં સહેજપણ સ્વતંત્રતા નથી. મારા સીધા સાદા સરળ ભક્તોએ મારા હ્રદયને પોતાના હાથોમાં લઈ રાખ્યું છે.ભક્તજન મને પ્રેમ કરે છે હું તેમને પ્રેમ કરૂં છું.

વિનોદભાઈ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઈન દ્વારા
# અન્ય સંસ્થાઓ અને જીવદયા પ્રેમીઓને જીવદયા/ ગૌ સેવા ક્ષેત્રના કાર્યમાં જોડાવવા વિનમ્ર અપીલ



ભારતની નિઃશુલ્ક પશુ પક્ષી સારવાર ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા તેમજ ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈન, રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ–પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૧૮ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય','એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૫,૫૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, દસ એમ્બ્યુલન્સ તેમજ બે બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈન દ્વારા અન્ય સંસ્થાઓ અને જીવદયા પ્રેમીઓને પણ આ ભગીરથ કાર્યમાં જોડાવવા વિનમ્ર અપીલ કરવામાં આવી છે. કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઈન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજકોટમાં/અન્ય સ્થળોએ વધુ નિઃશુલ્ક/ટોકન દરે પશુ દવાખાનાઓ અને હોસ્પિટલ,વધુ નિઃશુલ્ક/ટોકન દરે પશુ-પક્ષી સારવાર એમ્બ્યુલન્સ,પશુ-પક્ષી આશ્રય સ્થાન(શેલ્ટર),ગૌ-શાળા-પાંજરાપોળ,અબોલજીવોનાં અન્નક્ષેત્રની તાતી જરૂરિયાત છે. પરંતુ અપૂરતા સંસાધનો,અનુદાન,વ્યવસ્થા,કાર્યકર્તાઓ,મેનેજમેન્ટ ને લઈને બધે પહોંચવું અશક્ય જ છે.જેને લઈને અનેક જીવોનાં જીવન જોખમાય છે. કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વધુમાં જણાવાયું છે કે , જો કોઈ સેવાકીય સંસ્થાઓ નિઃશુલ્ક પશુ દવાખાનાઓ,વધુ નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર એમ્બ્યુલન્સ,પશુ-પક્ષી આશ્રય સ્થાન,ગૌ શાળા-પાંજરાપોળ,અબોલ જીવોનાં અન્નક્ષેત્ર ખોલવા ઈચ્છે તો સંપૂર્ણ તકનીકી સહાય અને માર્ગદર્શન સંસ્થા દ્વારા આપવામાં આવશે. સૌ સાથે મળી સૌ અબોલ જીવોને સમયસર,પૂરતી,નિઃશુલ્ક સારવાર,આશ્રય,ભોજન-પાણી મળે તે માટે પ્રયત્નશીલ બનવા મિતલ ખેતાણી (૯૮૨૪૨૨૧૯૯૯) દ્વારા વિનંતી કરાઈ છે.

# યુક્રેનમાં યુદ્ધના ભણકારા વચ્ચે 3 હજાર ગુજરાતી વિદ્યાર્થીઓ ફસાયા

અમદાવાદ,તા.૧૪

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિનું સર્જન થયું છે ત્યારે આ તણાવ વચ્ચે યુક્રેનમાં અભ્યાસ કરતા ભરતના ૧૮ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ ફસાયા હોવાની દહેશત વચ્ચે તે સ્ટુડન્ટસના પરિવારોના જીવ તાળવે ચોટી ગયા છે. ભારતીય વિદ્યાર્થીઓમાં મેડિકલ અને એન્જીનીયરિંગનો અભ્યાસ કરવા માટે યુક્રેનની યુનિવર્સિટીઓનો જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે. દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીય છાત્રો યુક્રેન જતા હોય છે. યુક્રેન અને રશિયા વચ્ચેના સંભવિત યુદ્ધની અસર ગુજરાતી વિદ્યાર્થીઓ પર પડી છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ બની રહી છે, હાલ ત્યાં તણાવનો માહોલ છે ત્યારે યુક્રેનમાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થી ફસાયેલા છે.

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે ગુજરાતના ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરે છે. રશિયા અને યુક્રેનના યુદ્ધની તૈયારી ચાલી રહી હોવાથી ગુજરાતી વિદ્યાર્તીઓના વાલીઓ ચિંતિત બન્યા છે. સંભવિત યુદ્ધના કારણે ફ્લાઈટના ભાડામાં અધધધ વધારો કરાયો છે. સરકાર સંતાનોને પરત લાવવા મદદ કરે તેવી વાલીઓની માંગ ઉઠી છે. ત્યારે ગુજરાતી વિદ્યાર્થીઓના પરિવારજનોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજૂઆત કરશે. તમને જણાવી જઈએ કે જે ફ્લાઈટનું ભાડું સામાન્ય રીતે ૨૦ હજાર હોય છે તેનું હાલ એક લાખ રૂપિયા થયું છે.

મહત્ત્વનું છે કે, સમગ્ર ભારત ના ૧૮૦૦૦ વિદ્યાર્થીઓ યુક્રેન દેશમાં ભણી રહ્યા છે અને તેમાં આપણા ગુજરાતના ૩૦૦૦ થી ૫૦૦૦ જેટલા વિદ્યાર્થી ગુજરાત રાજ્યના છે. તે બધા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે અત્યારે હાલમાં રશિયા સાથે યુક્રેનનાં યુદ્ધની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે અને તેને અનુલક્ષી યુક્રેનમાં આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ ખુબ જ ચિંતામાં છે. જીવ બચાવવા અને ગુજરાત આવવા ઉતાવળ કરી રહ્યા છે. તેથી વાલીઓ ખુબ જ ટેન્શનમાં આવી ગયા છે.

બીજી બાજુ એરલાઇન્સ કંપનીઓ દ્વારા ૨૦ હજારની જગ્યાએ ખુબ જ ઊંચા ભાડા એક લાખ સુધી વસૂલી રહ્યા છે. તેથી આપને રજૂઆત કે ભારત સરકાર - ગુજરાત સરકાર અમોને સહયોગ આપી મદદ કરી અમારા દીકરા દીકરીઓને પરત લાવવા વિદેશ મંત્રાલયનાં સહયોગથી તેમજ ઉડ્ડયન મંત્રાલયનાં સહયોગથી એર ઈન્ડિયાની ફલાઈટ અથવા ચાર્ટર્ડ ફલાઈટ દ્વારા પરત લાવવામાં મદદરૂપ થાય તેવા નિર્ણય લેવા વિનંતી...

સામાન્ય રીતે ભારતીય વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રે ભણવા ત્યાં જાય છે. ભારતમાં ખાનગી મેડિકલ કોલેજમાં અભ્યાસનો ખર્ચ એક કરોડથી વધારે છે, જ્યારે અમેરિકામાં સાતથી આઠ કરોડ રૂપિયા તથા ઓસ્ટ્રેલિયામાં ચાર કરોડનો ખર્ચ થાય છે. જ્યારે રશિયા, નેપાળ, ચીન, ફિલિપિન્સ અથવા બાંગ્લાદેશમાં અભ્યાસ કરવાનો ખર્ચ ચોથા ભાગનો થાય છે.

# મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર કડીનો ૧૦૩ મો પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કડીનો ૧૦૩ મો પાટોત્સવ ઉજવાયો. આ પર્વે શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત અભિષેક કરવામાં આવ્યો ઉપરાંત ભવ્ય અન્નકૂટ આરતી કરાઈ હતી તેમજ શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ તથા શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી સમૂહ પારાયણો પણ યોજાઈ હતી.

આ પર્વે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજે દિવ્ય આશીર્વાદમાં જણાવ્યું હતું કે મનુષ્ય જીવનમાં વ્યસનો અધોગતિને પંથે દોરે છે. ભગવાન પ્રત્યે શ્રધ્ધા અને આસ્થા હોય તેને કોઈનો પણ ભય રહેતો નથી. જેણે ભગવાન પ્રત્યે દ્રઢ આશરો કર્યો હોય તે હંમેશા નિર્ભય રહે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટય જયંતિ મહોત્સવે દરેક મનુષ્યે જીવનમાં સંસ્કારના બીજનું વાવેતર કરવું. આ પાટોત્સવમાં દેશ પરદેશના હરિભક્તોએ ઓનલાઈન દર્શન, શ્રવણનો લાભ લીધો હતો.

# ગુજરાતનાં દરેક જીલ્લા મથક ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર લાઈબ્રેરી બનાવવા રજૂઆત કરવામાં આવી

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી ને પાટણ કોર્પોરેટર દ્વારા રજુઆત કરાઈ..



પાટણ તા.૧૪

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની અનુસુચિત જાતિના સર્વાંગી વિકાસ માટે રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા ૬૫ ઉપરાંત અનેકવિધ શૈક્ષણિક, સામાજિક, આર્થીક, રોજગારલક્ષી તેમજ આરોગ્યલક્ષી યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓનો અનુસુચિત જાતિ વર્ગના લોકો બહોળા પ્રમાણમાં લાભ લઈ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહ્યા છે. સરકાર વંચિતો, શોષિતો, ગરીબો અને છેવાડાના લોકોની ઉન્નતી માટે કલ્યાણકારી યોજનાઓ બનાવવા સંકલ્પબદ્ધ છે. અનુસુચિત જાતિ વર્ગના લોકોના સામાજિક અને શૈક્ષણિક પ્રસંગોના ઉપયોગ હેતુ સમગ્ર રાજ્યમાં દરેક જીલ્લા મથકે "ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન" નું ભવ્ય નિર્માણ કરેલ છે જેનો અનુસુચિત જાતિ વર્ગના લોકો બહોળા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

હાલમાં અનુસુચિત જાતિ વર્ગના પૂર્વ સ્નાતક અને સ્નાતક કક્ષાના વિધાર્થીઓ પોતાના શૈક્ષણિક અભ્યાસ સાથે સરકારી ભરતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા હોય છે.

રાજ્ય સરકારે જે રીતે જીલ્લા મથકે "ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન" નું ભવ્ય નિર્માણ કરેલ છે તે મુજબ અનુસુચિત જાતિ વર્ગના સ્નાતક કક્ષાના વિધાર્થીઓ સરકારી ભરતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે હેતુ સમગ્ર રાજ્યમાં દરેક જીલ્લા મથકે "ડૉ.બાબાસાહેબ આંબેડકર લાઈબ્રેરી" નું નિર્માણ થાય તે માટે ખાસ બજેટની જોગવાઈ કરવામાં આવે એવી રજૂઆત પાટણ નગરપાલિકા ના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર ને રૂબરૂ આવેદનપત્ર આપી રજુઆત કરેલ છે રજુઆત વખતે પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના આઈ.ટી.વિભાગ ના સહ પ્રભારી પરેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર નું સામાજિક અને શૈક્ષણિક કક્ષાએ સમાજલક્ષી અને વિધાર્થીલક્ષી હકારાત્મક નિર્ણયો લેવા બદલ રાષ્ટ્ર પુરુષ ડૉ.બાબાસાહેબ આંબેડકર અને પાટણ નો લાડકવાયો વિરમાયા નું પુસ્તક આપી સન્માન કર્યું હતું આ ઉપરાંત તેઓએ પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ પદ્યુમનભાઈ વાજા અને અનુસુચિત જાતી કલ્યાણ સમિતિ, ગુજરાત વિધાનસભા ના ચેરમેન હિતુભાઈ કનોડિયા ને પણ લેખિત રજુઆત કરેલ હોવાનું જણાવ્યું હતુ.

**સમાજે UPSC અને GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ૫૦૦ વિધાર્થીઓને કોચિંગ આપીને તૈયાર કર્યા છેઃ પિનાકીન રાવલ**

# ગુજરાત બ્રહ્મ સમાજ ટૂંક સમયમાં લગ્ન અને રોજગાર વિષયક એપ્લિકેશન લોન્ચ કરશે




ગાંધીનગર

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ તરફથી યુવાન અને યુવતિઓના લગ્ન માટે અને યુવાનોને રોજગાર માટે ટૂંકસમયમાં એપ્લિકેશન લોંચ કરવામાં આવશે. આ જાહેરાત નવનિયુક્ત કારોબારીની પ્રથમ બેઠકમાં પ્રમુખ પિનાકીન રાવલે કરી છે. તેમણે કહ્યું હતું કે બ્રહ્મ સમાજે યુપીએસસી અને જીપીએસની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને કોચિંગ આપીને તૈયાર કર્યા છે. સમાજની ૨૩મી જાન્યુઆરી ૨૦૨૨માં બ્રહ્મ ભવન, ગાંધીનગરમાં મળેલી સાધારણ સભામાં નવી કારોબારીની રચના કરવામાં આવ્યા પછી સંપૂર્ણ કારોબારીની પ્રથમ બેઠક ગિફ્ટ સિટી પાસે આવેલા એક ફાર્મહાઉસમાં મળી હતી. આ બેઠકમાં મહામંત્રી અનિલ શુક્લએ ગુજરાતના પ્રત્યેક જિલ્લા અને તાલુકાઓને સંગઠીત કરવા માટે આહવાન કર્યું હતું અને જિલ્લાઓની કામગીરી સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ મહિલા પાંખના પ્રમુખ ધારિણીબેન શુક્લા દ્વારા મહિલાઓને સંગઠીત બનવાની હાકલ કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રમુખ પિનાકીન રાવલે ઉદ્દબોધનમાં કહ્યું હતું કે કારોબારીની રચના વખતે જે કાર્યો કરવાનું વચન આપવામાં આવ્યું હતું તેનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. સમાજનું સૌ પ્રથમ કાર્યાલય અમદાવાદમાં શરૂ કરવામાં આવ્યું છે. પ્રમુખે કહ્યું હતું કે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની જે નેમ સમાજે ઉપાડી છે તે પુરી થઈ રહી છે. અમદાવાદમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ યુપીએસસી અને જીપીએસસીની તાલીમ લઈ રહ્યાં છે. તેમને રહેવા અને જમવાની વ્યવસ્થા પણ સમાજ દ્વારા આપવામાં આવે છે.

ગાંધીનગર અને અમદાવાદની સાથે દક્ષિણ ગુજરાતને લાભ મળે તે માટે સુરતમાં પણ એક એજ્યુકેશન એકેડેમીની સ્થાપના તાત્કાલિક ધોરણે કરવાની જાહેરાત કરતાં પ્રમુખે કહ્યું હતું કે આજે બ્રાહ્મણ દિકરી અને દિકરાને રોજગારીનો પ્રશ્ન નડે છે તેથી સમાજના બેનર નીચે એક વ્યવસાયિક અને રોજગારલક્ષી પોર્ટલ અને એપ્લિકેશન શરૂ કરવામાં આવી રહી છે. સમાજના યુવાન અને યુવતિઓને નોકરી શોધવા જવું નહીં પડે, નોકરી તેમને સામેથી મળશે.

પ્રમુખ પિનાકીન રાવલે બીજી એવી જાહેરાત કરી હતી કે બ્રાહ્મણ યુવક અને યુવતિઓને સૌથી મોટો પ્રશ્ન જીવનસાથીનો સતાવે છે. દિકરા અને દિકરીને સાથો જીવનસાથી મળે તે માટે સમાજે સૌ પ્રથમ રાજ્યકક્ષાના લગ્ન બ્યુરોનું પોર્ટલ અને એપ્લિકેશન બનાવવામાં આવી રહી છે જેનું લોન્ચિંગ ટૂંકસમયમાં કરવામાં આવશે. આ ઉપરાંત આઈટીના માધ્યમથી એક વેબપોર્ટલ બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે જેમાં સમાજને લગતી તમામ પ્રકારની સામાજીક અને લોકપયોગી પ્રવૃત્તિઓનું સંકલન કરવામાં આવશે જે સમાજના પ્રત્યેક વ્યક્તિને મદદરૂપ થશે. આ વેબ પોર્ટલ માત્ર ગુજરાત પુરતું નહીં પણ ભારત અને વિશ્વના તમામ દેશો કે જ્યાં બ્રાહ્મણ પરિવારો વસે છે તેમના માટે એક મોટું હથિયાર બનશે. આ પોર્ટલમાં જ રોજગારીલક્ષી અને લગ્ન વિષયક એપ્લિકેશનને સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રમુખે જણાવ્યું હતું કે હાલમાં ગુજરાત લેવલે કલ્ચરલ એકેડેમીની સ્થાપના કરવામાં આવી છે. તે જ પ્રમાણે પ્રત્યેક યુવક અને યુવતીઓ કે બાળકો જેમને કલા અને સંસ્કૃતિમાં રસ છે તેઓ માટે એકેડેમીનું તાત્કાલિક લોન્ચિંગ કરવામાં આવશે. તેમણે આશા રાખી છે કે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના બેનર હેઠળ વિશ્વના તમામ બ્રાહ્મણો એક થઈને એક છત્ર નીચે આવી જશે તો દુનિયાની કોઈ તાકાત નથી કે બ્રાહ્મણોને અવગણી શકે. આવનારા દિવસોમાં બ્રાહ્મણ સંગઠન વેતવંતુ બનશે અને સમગ્ર દેશમાં ઉદાહરણ પુરૂં પાડશે.

ગઈકાલે ગિફ્ટ સિટી નિરાંત ફાર્મ ખાતે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા (માતૃ સંસ્થા) ની પ્રથમ કારોબારી મિટિંગ મળી હતી.જેમાં ૨૩ જિલ્લા માથી જિલ્લા પદાધિકારીઓ તેમજ કારોબારી ભાઈઓ,બહેનો કુલ ૨૩૫ સભ્યો હારાર રહ્યા હતા અને સાંજે સમૂહ બ્રહ્મ ભોજન લઈ છૂટા પડ્યા હતા..

### છાપી નજીક બનેલ ચોરી ની ઘટના માં તપાસ ની ધમધમાટ શરૂ છતાં

# ૨.૬ કરોડની ચોરીનો ૬૦ કલાકે પણ સુરાગ મેળવવા માં છાપી પોલીસ નિસ્ફળ.

બનાસકાંઠા બ્યુરો

દીલીપ ગોહીલ

બનાસકાંઠાના છાપી નજીક એક હોટલ ઉપર ઉભેલી બસમાંથી ૨ કરોડ સાઈઠ લાખના દાગીના ભરેલ બેગની ઉઠાંતરી થતાં જિલ્લાની પોલીસ હરકતમાં આવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જોકે ચોરીને ૬૦ કલાક વિતવા છતાં કોઈ સુરાગ ન મળતાં અનેક સવાલો ઉભા થયા છે. વડગામ તાલુકાના છાપી નજીક આવેલ હોટલ શ્રીરામ ઉપર રાજસ્થાન રોડવેઝની બસમાં અમદાવાદ સ્થિત અશોકકુમાર અંબાલાલ પટેલની આંગડિયા પેઢીના બે કર્મીઓ પાંચ કિલો સોનાના દાગીનાના પાર્સલ લઈ રાજસ્થાન રોડવેઝની બસમાં શુક્રવારે રાજસ્થાન જઈ રહ્યા હતા. તે દરમિયાન નજર ચૂકવી થેલા ચોરી બે ગઠીયા ફરાર થયાની ઘટનાને ૬૦ કલાક વિતવા છતાં પોલીસને કોઈ સુરાગ મળ્યો ન હોવાનું સૂત્રો એ જણાવ્યુ હતું. આ સમગ્ર બનાવને લઈ જિલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગલની સીધી દેખરેખ નીચે ડી.વાય.એસ.પી. સુશીલકુમાર અગ્રવાલ દ્વારા હ્યુમન ઈન્વેસ્ટિગેશન અને ટેક્નિકલ ઈન્વેસ્ટિગેશન સહિત જિલ્લાના વિવિધ પોલિસ મથકના પી.આઈ. તેમજ એલસીબી, એસઓજી અને છાપી પીએસઆઈ એસ.ડી.ચૌધરીની ટીમો ચોરીનું પગેરું મેળવવા કામે લાગ્યા હોવાનું જાણવા મળે છે. છાપી સહિત બનાસકાંઠા પોલીસ વિવિધ દિશામાં તપાસનો ધમધમાટ કરી રહી છે.

મોટી માત્રામાં સીસીટીવી ફૂટેજની તપાસ પાંચ કિલો સોનાના દાગીનાની ચોરી થયાની ઘટના બાદ બનાસકાંઠા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી ટોલપ્લાઝા તેમજ અન્ય જગ્યાએથી સીસીટીવી ફૂટેજ મેળવી ગુનાનો ભેદ ઉકેલવા પોલીસે કવાયત હાથ ધરી છે.

પોલીસેની તમામ સ્તરે તપાસ શરૂ કરવામાં આવી છાપી નજીકથી ૨.૬ કરોડની ચોરીને લઈ પોલીસે શંકાસ્પદ કાળી સ્કોર્પિયોની તપાસ હાથ ધરી તપાસ છેક રાજસ્થાન તેમજ અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ સ્થળો સુધી શરૂ કરી છે. જોકે હજુ સુધી પોલીસને કોઈ સુરાગ મળ્યો ન હોવાનું જાણવા મળે છે.

# ગૃહમંત્રી જવાબદારી સ્વિકારે અને તાત્કાલીક રાજીનામું આપેઃશ્રી અમિત ચાવડા

## ભાઉ અને ભોપાભાઈના રાજમાં ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાગી છે.

સુરત એ ગૃહ રાજય મંત્રીનો જીલ્લો છે. ત્યાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાઉ અને ભોપાભાઈના રાજમાં ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાગી છે. આજે કોઈ પણ પરિવારનો સભ્ય ઘરની બહાર નિકળે તો સહિસલામત ઘરે આવશે કે કેમ ? એ પ્રશ્ન ઉભો થયો છે. જે સુપર સી.એમ. તરીકે તમામ નિર્ણયો લે છે એવા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર. ભાઉનુ હોમ ટાઉન છે. આખા ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખુબ સારી છે એવા બણગા ફુકતા રાજયના ગૃહમંત્રીનું હોમ ટાઉન છે અને એ સુરત જે આખા દેશનું આર્થિક મોટુ એક કેન્દ્ર છે. એ જગ્યાએ એક જ દિવસમાં ત્રણ ત્રણ હત્યાઓ થાય. એક માસુમ દિકરીની ગળુ કાપીને હત્યા થાય અન્ય બે લોકોની હત્યા થાય ત્યારે ખરેખર આજે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ ખાડે ગઈ છે. ખુલ્લે આમ કાયદાનો ભંગ કરનારા લોકોનું રાજ છે. પોલીસ, પ્રસાશન કે સરકારનો કોઈપણ જાતનો ડર નથી રહ્યો એ પ્રસ્થાપિત થાય છે ત્યારે ભાષણો કરવામાં સુરા એવા ભાઉ અને રાજયના ગૃહમંત્રી તાત્કાલીક આવા લોકો ઉપર કડક કાર્યવાહી થાય. તમને શાસન કરવાનો, તમને આ ગુજરાતના લોકોની રક્ષા કરવા માટે લોકોએ જે અધિકાર આપ્યો છે. તેમાં તમે સંપૂર્ણ નિષ્ફળ રહ્યાં છો. ત્યારે રાજયના ગૃહમંત્રી પોતાના હોમટાઉન, પોતાની સરકારના નાક નીચે આવી હત્યાઓ થતી હોય તેની જવાબદારી સ્વિકારે અને તાત્કાલીક રાજીનામું આપે. સલામતીના નારા સાથે, વચન સાથે ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના લોકોના મત મેળવ્યા છે. આજે ગુજરાતની સ્થિતિ એવી થઈ ગઈ છે કે ખુલ્લે આમ હત્યાઓ, બળાત્કારો થાય છે, લોકોની પાસે ખંડણીઓ માંગવામાં આવે છે, આજે પોલીસમાં બેઠેલા લોકો જમીનના કબજા લેવાના કામ થાય છે, એના પુરાવાઓ ભાજપના ધારાસભ્યોએ આપ્યા છે. ખુલ્લે આમ દારુ, જુગારનું તંત્ર - નેટવર્ક હપ્તાખોરીને કારણે ચાલતુ હતુ. પરંતુ ખુલ્લે આમ ડ્રગ્સની ડીલીવરીઓ થાય છે, ડ્રગ્સ માફીયાઓ બેફામ થાય છે. ગુજરાતનો યુવા ધન આજે નશાના રવાડે ચડી રહ્યો છે અને આખા ગુજરાતમાં જાણે સરકાર, પોલીસ અને પ્રશાસનનો રાજ ના હોય પણ લુખ્ખાઓ, ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓ, બુટલેગરોનું રાજ હોય એવુ શાસન થઈ રહ્યો છે ત્યારે આવી તમામ વાતો, લોકોને આક્રોશ છે, લોકોનો જે દર્દ છે તે વિધાનસભાના સત્રમાં કોંગ્રેસ પક્ષ ઉજાગર કરશે.

### પાટણમાં વેલેન્ટાઈન ડેના દિવસે ફુલ બજાર ગરમાયું..

# ગુલાબ નો ભાવ ડબલ થયો તો લગ્નની સિઝન હોવાથી અન્ય ફૂલના ભાવ પણ વધ્યા

પાટણ તા.૧૪

વેલેન્ટાઈન-ડે નિમિત્તે ગુલાબ સહિતના ફૂલની ડિમાન્ડ રહે છે. વેલેન્ટાઈન ડેના દિવસે પાટણ શહેરમાં એક ઈંગ્લિશ ગુલાબનો ભાવ રૂ.૫૦ સુધી પહોંચી ગયો હતો. સામાન્ય દિવસોમાં આ ગુલાબ રૂ.૧૫ થી રૂ.૨૫ સુધીમાં મળતું હોય છે. અમદાવાદ, નાસિક, બેગ્લોર સહિતથી અવનવા ગુલાબો અને ફૂલો પાટણ બજારમાં આવ્યા હતા.

ગુલાબ જ નહીં અન્ય ફૂલો પણ મોંઘાં બન્યા છે. હાલ લગ્નની સિઝન પણ ચાલી છે. જેમાં ડેકોરેશન માટે રંગબેરંગી ફૂલોનો ઉપયોગ થાય છે તેના ભાવ પણ વધ્યા છે. ગુલાબની સાથે કોમ્બિનેશનમાં સેવન્ટી અને અન્ય ફૂલોને સેટ કરી વિવિધ બુકે બને છે. વેલેન્ટાઈન ડે પર નવા ડિઝાઈનર બુકેની પણ ડિમાન્ડ રહેતી હોય છે. જેમાં પણ વધારો જોવા મળ્યો હતો.



ફૂલોનો વ્યવસાય કરતા રમેશભાઈ જણાવ્યું હતું કે, કોરોના કાળમાં ધંધો થયો જ નથી, પણ વેલેન્ટાઇન નિમિત્તે છેલ્લે છેલ્લે ધારણા કરતા વધુ ગુલાબની ડિમાન્ડ આવી છે. સાથે જ ૧૦ પ્રકારના સેવન્ટીના ફૂલોની પણ ડિમાન્ડ નીકળી હતી. બજારમાં જે ગુલાબ રૂ.૧૫માં મળતું હતું તેના રૂ.૫૦ થઈ ગયા છે. આમ દરેક ફૂલના ભાવમાં ત્રણગણો વધારો જોવા મળી રહ્યો છે. બજારમાં તેનો પણ વધારે ભાવ લેવામાં આવી રહ્યો છે.

### ૨૨ વર્ષીય યુવતી યુવા વયે બની લેખક

# ક્રિષ્ના પટેલના 'જિંદગીના સરનામે' પુસ્તકનું જિલ્લા કલેક્ટરના હસ્તે વિમોચન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર શિક્ષણ નગરી તરીકે ઓળખાય છે.ત્યારે મોડાસા શહેર માટે વધુ એક સિદ્ધિનું મોરપીંછ ઉમેરાયું છે.મોડાસા ની ક્રિષ્નાબેન ગીરીશભાઈ પટેલ દ્વારા લખાયેલ 'જિંદગીના સરનામે' પુસ્તકનો વિમોચમ કાર્યક્રમ યોજાયો હતો.માત્ર ૨૨ વર્ષની ઉંમરે લેખકનું બિરુદ મેડવનાર ક્રિષ્ના પટેલનું પુસ્તક જિલ્લા કલેકટર ડૉ. નરેન્દ્રકુમાર મીના તેમજ મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસારની ઉપસ્થિતિમાં બુક લોન્ચિંગ કરવામાં આવી હતી. તેમજ સુંદરપુરા રામજી મંદીરના સંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર




કેવશદાસજી મહારાજ , સંત શ્રી રાધેશ્યામ દાસજી સાથેજ સુંદરપુરાના અન્ય મહન્તો એ આશીર્વાદ આપ્યા હતા .

મોડાસા ટાઉન હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વિમોચન કરાયેલ પુસ્તકમાં જિંદગીના પ્રયત્નો,સંઘર્ષો,ચા સાથેનો શબ્દ પ્રેમ સાથે અલેખાયેલી આ પુસ્તકને મહેમાનોએ વખાણ્યું હતું. આ સિવાય ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના પ્રમુખ ભરતભાઈ પરમાર,અરવલ્લી જિલ્લા સહકારી સંઘના પ્રમુખ પ્રભુદાસ પટેલ તેમજ ભાજપના પૂર્વ પ્રદેશ મંત્રી સુરેશભાઈ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ચાણસ્મા ખાતે વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરાઈ




રિપોર્ટ નિખિલ જોશી પાટણ બયુરો

ચાણસ્મા ખાતેપંચાલ પરિવાર દ્વારા પોતાના ઈષ્ટદેવ એવા વિશ્વકર્મા ભગવાનની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી

મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે આવેલ ચાણસ્મા પંચાલ જ્ઞાતિની વાડી ની અંદર સમસ્ત ચાણસ્મા પંચાલ જ્ઞાતિના લોકો દ્વારા ભગવાન શ્રી વિશ્વકર્મા ની સરકાર શ્રી દ્વારા જાહેર કરાયેલ કોરોના ગાઈડલાઈન મુજબ ભગવાન શ્રી વિશ્વકર્મા ની જન્મ જયંતી ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી હતી આ પ્રસંગે સમગ્ર ચાણસ્મામાં વસતા પંચાલ પરિવારોએ હાજરી આપી ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી

# ગાંધીનગર મહાનગર ભાજપા સોશિયલ મીડિયા અને આઇ.ટી. વિભાગની ટિફિન બેઠક યોજાઈ




ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તારીખ ૧૩/૦૨/૨૦૨૨, રવિવારના રોજ ગાંધીનગર મહાનગર ભાજપા સોશિયલ મીડિયા અને આઈ.ટી. વિભાગની ટિફિન બેઠક મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સોશિયલ મીડિયાના સહ કન્વીનરશ્રી મનનભાઈ દાણીની વિશેષ ઉપસ્થિતિમાં ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ યોજાઈ ગઈ હતી. આજની આ બેઠકમાં આગામી સમયમાં સોશિયલ મીડિયા અને વિવિધ ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગ થકી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા કાર્યરત જનકલ્યાણની વિવિધ યોજનાઓ સહિત મહત્વના નિર્ણયો તેમજ ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ થઈ રહેલી સંગઠનની કામગીરીને વધુ ને વધુ અસરકારકતા જનતા સુધી પહોંચતી કરવા અંગે મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ તેમજ પ્રદેશ સોશિયલ મીડિયાના સહ કન્વીનરશ્રી મનનભાઈ દાણીએ બેઠકમાં ઉપસ્થિત મહાનગર સોશિયલ મીડિયા વિભાગના કન્વીનર વિશાલ રામાનુજ સહિત ઉપસ્થિત સૌ હોદ્દેદારો અને કાર્યકર્તાઓની ટીમને વિવિધ મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું તેમજ સાથે બેસીને સૌએ બપોરનું ભોજન લીધું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.